This Question Booklet Contains 48 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 48 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

પ્રશ્નપુસ્તિકા નંબર

# RSA-2025

ઉમેદવારનો બેઠક નંબર

| | | | |
|---|---|---|---|
| કુલ પ્રશ્નો | : 210 | Total Que. | : 210 |
| કુલ ગુણ | : 210 | Total Marks | : 210 |
| સમય | : 180 મિનિટ | Time | : 180 Minutes |

## તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.

(01) આ પ્રશ્નપત્રમાં કુલ 210 પ્રશ્નો છે (**Part-A** માં કુલ 60 પ્રશ્નો અને **Part-B** માં કુલ 150 પ્રશ્નો). પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(02) **1** થી **210** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(03) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(04) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(05) દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવેલ છે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. સાચા જવાબ દીઠ એક ગુણ આપવામાં આવશે અને કોઈ પ્રશ્ન રદ થવાના સંજોગોમાં તે પ્રશ્નના ગુણની પ્રો-રેટા મુજબ અન્ય પ્રશ્નો વચ્ચે વહેંચણી કરી તે મુજબ ગુણ આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબ દીઠ, **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ પ્રશ્નને ફાળવેલ ગુણના **1/4** ગુણની કપાત કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટું **(Encode)** કરશે તો **1/4** ગુણ કાપવામાં આવશે નહિં.

(06) પ્રશ્નપત્ર તથા **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(08) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલકયુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(09) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(11) પ્રશ્નપત્રમાં પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી એમ બંન્ને ભાષામાં છે આ પ્રશ્નોમાં જો અર્થઘટન અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે સંબંધે મંડળ દ્વારા સંબંધિત પ્રશ્નને ધ્યાને લઈ મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

## PART - A

**001.** માનવની 8 વર્ષ પહેલાંની ઉંમર અને 6 વર્ષ પછીની ઉંમરનો ગુણાકાર 680 થાય છે, તો માનવની હાલની ઉંમર શોધો.

(A) 28 વર્ષ (B) 30 વર્ષ
(C) 32 વર્ષ (D) 34 વર્ષ

The product of Manav's age 8 years ago and his age 6 years from now is 680. Find Manav's current age.

(A) 28 years (B) 30 years
(C) 32 years (D) 34 years

**002.** P અને Q ની ઉંમરનો સરવાળો 42 વર્ષ છે. 3 વર્ષ પહેલાં P ની ઉંમર Q કરતાં 5 ગણી હતી. P અને Q ની હાલની ઉંમર વચ્ચે તફાવત શોધો?

(A) 6 વર્ષ (B) 9 વર્ષ
(C) 12 વર્ષ (D) 24 વર્ષ

The sum of P and Q's ages is 42 years. Three years ago, P's age was 5 times that of Q. Find the difference between their current ages.

(A) 6 years (B) 9 years
(C) 12 years (D) 24 years

**003.** કમલેશની 4 વર્ષ પહેલાની ઉંમર x વર્ષ હતી. તો 4 વર્ષ પછી તેની ઉંમર કેટલી થશે?

(A) X+4 (B) X-4
(C) X+8 (D) X-8

Kamlesh's age 4 years ago was x years. What will be his age 4 years from now?

(A) X+4 (B) X-4
(C) X+8 (D) X-8

**004.** માતા અને પુત્રીની હાલની ઉંમરનો ગુણોત્તર 6:1 છે. છ વર્ષ બાદ આ ગુણોત્તર 4:1 હશે, તો હાલમાં પુત્રીની ઉંમર શું હશે?

(A) 7 વર્ષ (B) 8 વર્ષ
(C) 9 વર્ષ (D) 10 વર્ષ

The current age ratio of a mother and daughter is 6:1. After 6 years, the ratio will become 4:1. What is the daughter's current age?

(A) 7 years (B) 8 years
(C) 9 years (D) 10 years

**005.** A એ B ની બહેન છે. B એ C ની પુત્રી છે. E એ D નો પિતા છે. D એ A નો ભાઈ છે. તો E નો C સાથે શું સંબંધ થાય?

(A) ભાઈ (B) ભત્રીજો
(C) પતિ (D) મામા

A is B's sister. B is C's daughter. E is D's father. D is A's brother. What is E's relation to C?

(A) Brother (B) Nephew
(C) Husband (D) Maternal Uncle

006. એક વ્યક્તિનો પરિચય આપતા એક મહિલાએ કહ્યું, "તે મારી મમ્મીની મમ્મીનો પુત્ર છે." તો તે વ્યક્તિ મહિલાનો શું થાય?

(A) મામા (B) ભાઈ
(C) પપ્પા (D) કાકા

Introducing a person, a woman said, "He is the son of my mother's mother." What is the relation of that person to the woman?

(A) Maternal Uncle (B) Brother
(C) Father (D) Uncle

007. એક ફોટા સામે જયંતીએ આંગળી ચીંધી કહ્યું કે તે મારા મામાની એક જ બહેનની દિકરીના પિતાનો ફોટો છે. તે ફોટામાં રહેલી વ્યક્તિ જયંતીનું શું થાય?

(A) નાના (B) કાકા
(C) દાદા (D) પિતા

Pointing at a photo, Jayanti said, "This is the photo of the father of the daughter of my maternal uncle's only sister." What is the relation of the person in the photo to Jayanti?

(A) Maternal grandfather (B) Uncle
(C) Grandfather (D) Father

008. 'X' એ 'Y' ની પત્ની છે અને 'Y' એ 'Z' નો ભાઈ છે. 'Z' એ 'P' નો પુત્ર છે. 'P' ને 'X' સાથે કેવી રીતે સંબંધ છે?

(A) બહેન (B) કાકી
(C) ભાઈ (D) સસરા

'X' is 'Y's wife, and 'Y' is 'Z's brother. 'Z' is 'P's son. What is the relation of 'P' to 'X'?

(A) Sister (B) Aunty
(C) Brother (D) Father-in-law

009. 53, 53, 40, 40, 27, 27,____

(A) 13 (B) 14
(C) 15 (D) 12

010. આપેલી શ્રેણીમાં એક સંખ્યા ખોટી છે. તે સંખ્યા શોધો.

6, 9, 18, 121.5, 729

(A) 9 (B) 121.5
(C) 18 (D) 729

Find the incorrect number in the given sequence.

6, 9, 18, 121.5, 729

(A) 9 (B) 121.5
(C) 18 (D) 729

011. કોઈ ખાસ કોડમાં MARINE ને DMHQZL તરીકે લખવામાં આવે છે તો તે ભાષામાં TEMPER કેવી રીતે લખાશે?

(A) QDODLS (B) QODLDS

(C) QODDLS (D) QDOLDS

In a certain code language, MARINE is written as DMHQZL. How will TEMPER be written in that language?

(A) QDODLS (B) QODLDS

(C) QODDLS (D) QDOLDS

012. PERPENDICULAR, ERPENDICULA, RPENDICUL, ?

(A) ENDIC (B) PENDICUL

(C) PENDICU (D) PENDIC

013. શંભુ સૂર્યોદય તરફ 10 km ચાલીને ડાબી બાજુ વળીને 5 km ચાલે છે, ત્યારબાદ પૂર્વ દિશામાં 6 km ચાલે છે પછી દક્ષિણ દિશામાં 5 km ચાલીને સૂર્યાસ્ત બાજુ 3 km ચાલે છે તો શંભુ મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે?

(A) 19 km (B) 13 km

(C) 21 km (D) 16 km

Shambhu walks 10 km towards sunrise, then turns left and walks 5 km. After that, he walks 6 km towards east, then 5 km south, and finally 3 km towards sunset. How far is Shambhu from his starting point?

(A) 19 km (B) 13 km

(C) 21 km (D) 16 km

014. અજય 10 km ઉત્તર તરફ ચાલે છે, ત્યારબાદ 6 km દક્ષિણ તરફ ચાલે છે અને પછી 3 km પૂર્વ તરફ ચાલે છે તો અજય તેના મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલા અંતરે દૂર હશે?

(A) ઈશાન – 5 km (B) ઈશાન – 19 km

(C) ઉત્તર – 19 km (D) પૂર્વ – 5 km

Ajay walks 10 km north, then 6 km south, and then 3 km east. In which direction and how far is Ajay from his starting point?

(A) Northeast – 5 km (B) Northeast – 19 km

(C) North– 19 km (D) East– 5 km

015. નેત્રસ્તર દાહ : આંખ :: દમ : ?

(A) હાડકા (B) ફેફસાં

(C) લોહી (D) દાંત

Conjunctivitis : Eyes :: Asthma : ?

(A) Bones (B) Lungs

(C) Blood (D) Teeth

016. નીચે પૈકી કઈ જોડ સાચી છે?

(A) કમ્બોડિયા : ટીબિલીસી (Tbilisi) (B) અઝરબૈજાન : યેરેવન (Yerevan)

(C) મ્યાનમાર : નેપીડૉ (Naypaidaw) (D) બ્રુનેઈ : બૈરુત (Bairut)

Which of the following pair is correct?

(A) Cambodia : Tbilisi (B) Azerbaijan : Yerevan

(C) Myanmar : Naypaidaw (D) Brunai : Bairut

**017.** પાણીમાં જોતા, કાંટાવાળી ઘડિયાળનું પ્રતિબિંબ 05 : 34 સમય દર્શાવે છે તો ખરેખર સમય શું હશે?

(A) 12:56 (B) 11:56

(C) 10:56 (D) 01:56

If a clock shows the time 05:34 in its reflection in water, what is the actual time?

(A) 12:56 (B) 11:56


(C) 10:56 (D) 01:56


**નોંધ:** અંધ ઉમેદવારો માટે પ્રશ્ન ક્રમાંક 18 થી 21 પ્રશ્નપત્રનાં અંતે આપવામાં આવેલ છે. અંધ ઉમેદવારોએ નીચે આપેલ આકૃતિવાળા પ્રશ્નોની જગ્યાએ તે પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે. બાકીના તમામ ઉમેદવારોએ નીચે આપેલ આકૃતિવાળા (પ્રશ્ન ક્રમાંક 18 થી 21) પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.


**Note:** Question numbers 18 to 21 for blind candidates are given at the end of the question paper. Blind candidates will have to answer those questions instead of the questions with the diagram given below. All other candidates will have to answer the questions with the diagram given below (Question numbers 18 to 21).


**018.** નીચે પૈકી કઈ આકૃતિ કૂતરો, પ્રાણી અને પાલતું પ્રાણી વચ્ચેના સંબંધને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

Which of the following figures best represents the relationship between dog, animal, and pet animal?

(A) 


(B) 


(C) 


(D) 


**019.** નીચે પૈકી કઈ આકૃતિ લોકો, દર્દી અને ડોક્ટર વચ્ચેના સંબંધને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

Which of the following figures best represents the relationship between people, patients, and doctors?

(A) 

(B) 

(C) 


(D) 


**020.** નીચે પૈકી કઈ આકૃતિ આપેલ વિધાનોને સાંકળીને દર્શાવતી સાચી આકૃતિ છે.


બધા કાગળો ચોપડીઓ છે. બધા રબ્બર ચોપડીઓ છે. અમુક પર્સ રબ્બર છે.


Which of the following figures correctly represents the given statements?

All papers are notebooks. All erasers are notebooks. Some purses are erasers.

(A) 


(B) 


(C) 


(D) 


**021.** નીચે પૈકી કઈ આકૃતિ સ્ત્રીઓ, માતા અને ડોક્ટર વચ્ચેના સંબંધને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

Which of the following figures best represents the relationship between women, mothers, and doctors?

(A) 

(B) 

(C) 

(D) 

**022.** શું K એ P અને Q ની દિકરી છે?

વિધાન 1 : P અને Q પતિ પત્ની છે. તેમને બે બાળકો (K અને D) છે.

વિધાન 2 : K એ D નો ભાઈ છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.

(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.

(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.

(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

Is K the daughter of P and Q?

Statement-1 : P and Q are husband and wife. They have two children (K and D).

Statement-2 : K is the brother of D.

(A) Only Statement 1 is sufficient to answer the question, but Statement 2 alone is not sufficient.

(B) Only Statement 2 is sufficient to answer the question, but Statement 1 alone is not sufficient.

(C) Both statements together are sufficient to answer the question.

(D) Both statements together are not sufficient to answer the question.

023. વર્ગમાં કુલ વિદ્યાર્થીઓ કેટલા છે?
વિધાન 1 : છોકરીઓ કરતાં છોકરાઓની સંખ્યા 10 વધુ છે.
વિધાન 2 : વર્ગમાં કુલ 20 છોકરીઓ છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.
(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.
(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.
(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

How many students are there in the class?

Statement-1 : The number of boys is 10 more than the number of girls.

Statement-2 : There are 20 girls in the class.

(A) Only Statement 1 is sufficient to answer the question, but Statement 2 alone is not sufficient.
(B) Only Statement 2 is sufficient to answer the question, but Statement 1 alone is not sufficient.
(C) Both statements together are sufficient to answer the question.
(D) Both statements together are not sufficient to answer the question.

024. Y ની કિંમત શોધો.
વિધાન 1 : $Y^2 - 4Y + 4 = 0$
વિધાન 2 : Y એ ધન કિંમત ધારણ કરી શકે છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.
(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.
(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.
(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

Find the value of Y.

Statement 1 : $Y^2 - 4Y + 4 = 0$

Statement 2 : Y can have only a positive value.

(A) Only Statement 1 is sufficient to answer the question, but Statement 2 alone is not sufficient.
(B) Only Statement 2 is sufficient to answer the question, but Statement 1 alone is not sufficient.
(C) Both statements together are sufficient to answer the question.
(D) Both statements together are not sufficient to answer the question.

025. લંબચોરસની લંબાઈ કેટલી છે?

વિધાન 1 : લંબચોરસની પરિમિતિ 36 સેમી છે.

વિધાન 2 : લંબચોરસની પહોળાઈ 8 સેમી છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.

(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે પરંતુ માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું નથી.

(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.

(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

What is the length of the rectangle?

Statement-1 : The perimeter of the rectangle is 36 cm.

Statement-2 : The width of the rectangle is 8 cm.

(A) Only Statement 1 is sufficient to answer the question, but Statement 2 alone is not sufficient.

(B) Only Statement 2 is sufficient to answer the question, but Statement 1 alone is not sufficient.

(C) Both statements together are sufficient to answer the question.

(D) Both statements together are not sufficient to answer the question.

**નીચેનું કોષ્ટક પુસ્તકો, સામયિકો અને જર્નલ્સને વસ્તુઓની ત્રણ શ્રેણીઓ તરીકે વેચતી વખતે વર્ષ 2012-15 દરમિયાન પ્રકાશન ગૃહ દ્વારા પેદા થયેલી વેચાણ આવક (લાખમાં) પરના ડેટાને દર્શાવે છે. (પ્રશ્ન 26 થી 30)**

**The table below embodies data on the sales revenue (in lakh) generated by a publishing house during the years 2012-15 while selling books, magazines and journals as three categories of items. (Question no. 26 to 30)**

| વેચાણ આવક (લાખ રૂ. મા) | | | | |
|---|---|---|---|---|
| વસ્તુઓ | 2012 | 2013 | 2014 | 2015 |
| જર્નલ્સ | 46 | 47 | 45 | 44 |
| સામયિકો | 31 | 39 | 46 | 51 |
| પુસ્તકો | 73 | 77 | 78 | 78 |

| Sales Revenue (in Rs. Lakh) | | | | |
|---|---|---|---|---|
| Items | 2012 | 2013 | 2014 | 2015 |
| Journals | 46 | 47 | 45 | 44 |
| Magazines | 31 | 39 | 46 | 51 |
| Books | 73 | 77 | 78 | 78 |

026. સૌથી ઓછું પ્રમાણિત વિચલન કઈ વસ્તુના વેચાણમાં છે?

(A) જર્નલ્સ (B) સામયિકો

(C) પુસ્તકો (D) નક્કી થઈ શકે નહિ

Which product's sales have the least standard deviation?

(A) Journals (B) Magazines

(C) Books (D) Can not be determined

027. વર્ષ 2014 થી વર્ષ 2015 કુલ વેચાણ આવકની દ્રષ્ટિએ જે વૃદ્ધિ દર્શાવતું હતું તે જ સમાન વૃદ્ધિ વર્ષ 2016 પણ વર્ષ 2015 ની સરખામણીએ દર્શાવે તો વર્ષ 2016 માં આવક આશરે હોવી જોઈએ:

(A) Rs. 194 લાખ
(B) Rs. 187 લાખ
(C) Rs. 177 લાખ
(D) આપેલ પૈકી એકપણ નહિ

If the growth in total sales revenue from 2014 to 2015 is the same as the growth from 2015 to 2016, then what would be the estimated revenue in 2016 compared to 2015?

(A) Rs. 194 lakhs
(B) Rs. 187 lakhs
(C) Rs. 177 lakhs
(D) None of the given

028. વસ્તુઓની ઓછામાં ઓછી બે શ્રેણીઓમાંથી આવકમાં વધારો થયો હોય તેવા વર્ષોની સંખ્યા

(A) 0
(B) 1
(C) 2
(D) 3

The number of years in which revenue has increased in at least two product categories.

(A) 0
(B) 1
(C) 2
(D) 3

029. વર્ષ 2015 માં, કુલ આવકના આશરે કેટલા ટકા પુસ્તકોમાંથી આવ્યા હતા?

(A) 45%
(B) 55%
(C) 35%
(D) 25%

In the year 2015, approximately what percentage of the total revenue came from books?

(A) 45%
(B) 55%
(C) 35%
(D) 25%

030. સામયિકોના વેચાણમાં વર્ષ 2012 થી વર્ષ 2015 સુધીમાં આશરે કેટલો ટકાવારી વધારો થયો છે?

(A) 60%
(B) 65%
(C) 70%
(D) 68%

Approximately what percentage increase was observed in magazine sales from 2012 to 2015?

(A) 60%
(B) 65%
(C) 70%
(D) 68%

031. 18 પ્રપ્તાંકોની સરેરાશ 20 છે. પરંતુ પાછળથી ખ્યાલ આવ્યો કે એક પ્રાપ્તાંક 53 ના બદલે 35 લેવામાં આવ્યો છે. તો સાચી સરેરાશ શોધો.

(A) 21
(B) 21.5
(C) 22
(D) 22.5

The average of 18 observations is 20, but later it was found that one observation was mistakenly recorded as 35 instead of 53. Find the correct average.

(A) 21
(B) 21.5
(C) 22
(D) 22.5

032. એક સપ્તાહના પ્રથમ 4 દિવસનું સરેરાશ તાપમાન 35° C છે. તથા અંતિમ 4 દિવસનું સરેરાશ તાપમાન 39° C હતું. જો આખા સપ્તાહનું સરેરાશ તાપમાન 37° C હોય તો ચોથા દિવસનું તાપમાન કેટલું હશે?

(A) 36.5° C (B) 39° C
(C) 37° C (D) 37.5° C

The average temperature of the first four days of a week is 35°C, and the average temperature of the last four days is 39°C. If the average temperature for the entire week is 37°C, what was the temperature on the fourth day?

(A) 36.5° C (B) 39° C
(C) 37° C (D) 37.5° C

033. નીચેના 10 અવલોકનોનો મધ્યક 38 હોય તો x શોધો.
28, 52, 34, x, 30, 60, 50, 54, 30, 20

(A) 20 (B) 24
(C) 22 (D) 23

If the mean of the following 10 observations is 38, find x:

28, 52, 34, x, 30, 60, 50, 54, 30, 20

(A) 20 (B) 24
(C) 22 (D) 23

034. એક ટાંકીમાં 36 લિટર પાણી ભરતાં 28 ટકા ખાલી રહે છે તો ટાંકી પૂરી ભરવા તેમાં કેટલા લિટર પાણી ઉમેરવું પડે?

(A) 16 લિટર (B) 12 લિટર
(C) 14 લિટર (D) 7 લિટર

A tank remains 28% empty even after filling 36 liters of water. How many more liters of water are required to completely fill the tank?

(A) 16 liters (B) 12 liters
(C) 14 liters (D) 7 liters

035. એક ગામની વસ્તી 5 ટકાના દરે વધે છે. જો વર્ષ 2015 માં ગામની વસ્તી 12,000 હોય તો વર્ષ 2017 માં ગામની વસ્તી કેટલી હશે?

(A) 14000 (B) 13200
(C) 13600 (D) 13230

The population of rural village increases at a rate of 5% per year. If the population in the year 2015 was 12,000, what will be the population in the year 2017?

(A) 14000 (B) 13200
(C) 13600 (D) 13230

036. કોઈ સંખ્યાના 40 ટકામાં 48 ઉમેરતાં મૂળ સંખ્યા પ્રાપ્ત થાય છે. તો તે સંખ્યા કઈ?

(A) 80 (B) 60
(C) 90 (D) 85

Adding 48 to 40% of a number gives the original number. What is the number?

(A) 80 (B) 60
(C) 90 (D) 85

037. ₹ 3 ચૂકવીને 7 નંગ મોસંબી ખરીદવામાં આવી તો 33% નફો મેળવવા માટે 100 મોસંબી કેટલામાં વેચવી જોઈએ?

(A) 56 (B) 57

(C) 58 (D) 60

If 7 citrus fruits are bought for ₹3, at what price should 100 citrus fruits be sold to gain a 33% profit?

(A) 56 (B) 57

(C) 58 (D) 60

038. એક દુકાનદાર પોતાની વસ્તુ ખરીદકિંમત પર જ વેચે છે. પરંતુ 1 કિગ્રાના સ્થાને 800 ગ્રામનો ઉપયોગ કરે છે તો નફાની ટકાવારી કેટલી?

(A) 20% (B) 16.67%

(C) 25% (D) આપેલ પૈકી એકપણ નહિ

A shopkeeper sells his goods at cost price, but instead of 1 kg, he gives only 800 grams. What is his profit percentage?

(A) 20% (B) 16.67%

(C) 25% (D) None of the given

039. એક વેપારી ₹ 50,000 ની વસ્તુ 10 ટકા નફો કરી અને ₹ 1,00,000 ની વસ્તુ 4 ટકા ખોટ કરીને વેચે છે, તો તેને ________.

(A) 0.67 ટકા નફો થશે. (B) 6.7 ટકા નફો થશે.

(C) 0.87 ટકા નફો થશે. (D) આપેલ પૈકી એકપણ નહિ

A trader sells goods worth ₹50,000 at a 10% profit and goods worth ₹1,00,000 at a 4% loss. Then, his overall result will be ______.

(A) 0.67 percent profit (B) 6.7 percent profit

(C) 0.87 percent profit (D) None of the given

040. જો x ના 15% = y ના 20% હોય તો x : y = ?

(A) 3 : 4 (B) 4 : 3

(C) 1 : 3 (D) 4 : 1

If 15% of x = 20% of y, then what is the ratio x : y?

(A) 3 : 4 (B) 4 : 3

(C) 1 : 3 (D) 4 : 1

041. જો બે સંખ્યાઓનો સરવાળો 60 હોય અને તફાવત 12 હોય તો તે બે સંખ્યાઓનો ગુણોત્તર કેટલો થશે?

(A) 3 : 2 (B) 5 : 3

(C) 3 : 4 (D) 4 : 3

If the sum of two numbers is 60 and their difference is 12, what will be the ratio of these two numbers?

(A) 3 : 2 (B) 5 : 3

(C) 3 : 4 (D) 4 : 3

042. એક થેલીમાં 50 પૈસા, 25 પૈસા અને 10 પૈસાના સિક્કાઓનું પ્રમાણ 5 : 9 : 4 માં છે. જો થેલીમાં કુલ 206 રૂપિયા હોય તો થેલીમાં 25 પૈસાના કેટલા સિક્કા હશે?

(A) 180 (B) 90

(C) 360 (D) આપેલ પૈકી એકપણ નહિ

A bag contains 50 paise, 25 paise, and 10 paise coins in the ratio 5 : 9 : 4. If the total amount in the bag is ₹ 206, how many 25 paise coins are there?

(A) 180 (B) 90

(C) 360 (D) None of the given

043. ભાગીદાર A અને B 3 : 2 ના પ્રમાણમાં નફો નુકશાન વહેંચતા ભાગીદારો છે. મેનેજરને તેનું કમિશન આપ્યા બાદ વધતા નફાના 8% કમિશન આપવાનું છે. જો ભાગીદાર A ને ₹ 18,000 નફો મળતો હોય તો પેઢીનો કમિશન પહેલાંનો નફો કેટલો?

(A) ₹32400 (B) ₹30000

(C) ₹32222 (D) આપેલ પૈકી એકપણ નહિ

Partners A and B share profits and losses in the ratio 3 : 2. After paying the manager's commission, 8% of the remaining profit is given as commission. If A's share of the profit is ₹18,000, what was the firm's total profit before commission?

(A) ₹32400 (B) ₹30000

(C) ₹32222 (D) None of the given

044. A, B અને C નું રોકાણ અનુક્રમે 1/2, 1/3 અને 1/5 ના પ્રમાણમાં છે. B એ વેપાર શરૂ કર્યા પછી 4 મહિના બાદ પોતાની અડધી રકમ પરત લઈ લીધી. વર્ષના અંતે જો નફો ₹ 12450 થયો હોય તો B ના ભાગે કેટલી રકમ આવશે?

(A) ₹4,000 (B) ₹3,000

(C) ₹3,750 (D) ₹4,250

A, B, and C invest in a business in the ratio 1/2 : 1/3 : 1/5. After 4 months, B withdraws half of his investment. If the total profit at the end of the year is ₹12,450, how much will B's share of the profit be?

(A) ₹4,000 (B) ₹3,000

(C) ₹3,750 (D) ₹4,250

045. X, Y અને Z ભાગીદારીમાં ધંધો કરે છે. Y ને X કરતાં ચોથા ભાગનો ભાગ મળે છે. જ્યારે Z ને Y નો બમણો ભાગ મળે છે. પેઢીનો વહેંચવાપાત્ર નફો ₹ 98,000 હોય તો Z નો નફો કેટલો?

(A) 28,000 (B) 14,000

(C) 60,308 (D) આપેલ પૈકી એકપણ નહિ

X, Y, and Z are partners in a business. Y gets one-fourth of X's share, and Z gets twice the share of Y. If the total distributable profit is ₹98,000, how much is Z's share of the profit?

(A) 28,000 (B) 14,000

(C) 60,308 (D) None of the given

046. 300 મીટર લાંબી એક રેલગાડી ટેલીફોનના થાંભલાને 12 સેકન્ડમાં પસાર કરે છે તો ગાડીની ઝડપ કલાકના કેટલા કિમી ની હશે?

(A) 80 કિમી/કલાક (B) 90 કિમી/કલાક
(C) 75 કિમી/કલાક (D) 25 કિમી/કલાક

A 300-meter-long train crosses a telephone pole in 12 seconds. What is the speed of the train in km/h?

(A) 80 km/h (B) 90 km/h
(C) 75 km/h (D) 25 km/h

047. એક વ્યક્તિ અ સ્થળેથી બ સ્થળે 20 કિમી/કલાકની ઝડપે જાય છે જયારે બ સ્થળેથી અ સ્થળે (તે જ રસ્તે) 16 કિમી/કલાકની ઝડપે આવે છે. તેની આખી મુસાફરીની સરેરાશ ઝડપ શોધો.

(A) 18 (B) 17
(C) 17.78 (D) 16.78

A person travels from Point A to Point B at a speed of 20 km/h and returns from Point B to Point A on the same route at a speed of 16 km/h. Find the average speed of the entire journey.

(A) 18 (B) 17
(C) 17.78 (D) 16.78

048. એક છોકરો 4 કિમી/કલાકની ઝડપે શાળાએ જાય તો યોગ્ય સમય કરતા 10 મિનિટ વહેલા પહોંચે છે અને જો તે 3 કિમી/કલાકની ઝડપે જાય તો 10 મિનિટ મોડો પહોંચે છે. ઘરથી શાળા વચ્ચેનું અંતર શોધો.

(A) 4 કિમી (B) 5 કિમી
(C) 3 કિમી (D) આપેલ પૈકી એકપણ નહિ

A boy reaches school 10 minutes early if he walks at a speed of 4 km/h, but he reaches 10 minutes late if he walks at a speed of 3 km/h. Find the distance between his home and the school.

(A) 4 km (B) 5 km
(C) 3 km (D) None of the given

049. A અને B સાથે મળીને કોઈ કાર્ય કરતાં 10 દિવસ લાગે છે. જો A ને કાર્ય કરતાં 30 દિવસ લાગે તો B ને કાર્ય કરતાં કેટલા દિવસ લાગશે?

(A) 20 દિવસ (B) 22 દિવસ
(C) 15 દિવસ (D) 18 દિવસ

A and B together can complete a work in 10 days. If A alone can complete the same work in 30 days, how many days will B alone take to complete the work?

(A) 20 days (B) 22 days
(C) 15 days (D) 18 days

050. P એ 1/4 કાર્ય 10 દિવસમાં, Q એ 40% કાર્ય 15 દિવસમાં, R એ 1/3 કાર્ય 13 દિવસમાં તથા S એ 1/6 કાર્ય 7 દિવસમાં પૂર્ણ કર્યું છે. કોની કાર્યક્ષમતા સૌથી વધુ છે?

(A) P
(B) Q
(C) R
(D) S

P completes 1/4 of the work in 10 days, Q completes 40% of the work in 15 days, R completes 1/3 of the work in 13 days, S completes 1/6 of the work in 7 days.

Who has the highest efficiency?

(A) P
(B) Q
(C) R
(D) S

051. 39 માણસોને એક રોડ રિપેર કરતાં 5 કલાક પ્રતિ દિવસના દરે 12 દિવસ લાગે છે તો 30 માણસને 6 કલાક પ્રતિ દિવસના દરે કેટલા દિવસ લાગે?

(A) 13
(B) 10
(C) 14
(D) 15

39 workers take 12 days, working 5 hours per day, to repair a road. How many days will 30 workers take if they work 6 hours per day?

(A) 13
(B) 10
(C) 14
(D) 15

052. જો 25 મજુરો 8 કલાક કામ કરીને 850 રૂપિયા કમાય છે. તો 40 મજુરો 6 કલાક કામ કરીને કેટલું કમાશે?

(A) ₹ 1120
(B) ₹ 900
(C) ₹ 1050
(D) ₹ 1020

If 25 labourers working 8 hours earn ₹850, how much will 40 labourers earn if they work 6 hours?

(A) ₹1120
(B) ₹900
(C) ₹1050
(D) ₹1020

053. 6 મજુરો 8 કલાક કામ કરીને ₹ 8400 કમાય છે તો 9 મજુરો 6 કલાક કામ કરીને કેટલું કમાશે?

(A) ₹ 8450
(B) ₹ 9450
(C) ₹ 9850
(D) ₹ 9650

If 6 labourers working 8 hours earn ₹8400, how much will 9 labourers earn if they work 6 hours?

(A) ₹8450
(B) ₹9450
(C) ₹9850
(D) ₹9650

054. 1968 માં નાનામાં નાની કઈ સંખ્યા ઉમેરવી જોઈએ કે જેથી તેને 13 વડે નિઃશેષ ભાગી શકાય?

(A) 5
(B) 6
(C) 7
(D) 8

What is the smallest number that should be added to 1968 so that it becomes completely divisible by 13?

(A) 5
(B) 6
(C) 7
(D) 8

055. $(123)^{51} \times (51)^{123}$ માં એકમનો અંક શોધો.

(A) 5 (B) 6

(C) 7 (D) 8

Find the unit digit of $(123)^{51} \times (51)^{123}$.

(A) 5 (B) 6

(C) 7 (D) 8

056. $(106)^2 + (88)^2 = ?$

(A) 17980 (B) 18980

(C) 16780 (D) 19680

057. 1 થી 200 વચ્ચે કેટલી પૂર્ણવર્ગ સંખ્યા મળે?

(A) 12 (B) 13

(C) 15 (D) 16

How many perfect square numbers are there between 1 and 200?

(A) 12 (B) 13

(C) 15 (D) 16

058. ત્રણ ક્રમિક સંખ્યાઓના વર્ગોનો સરવાળો 365 છે. તો તે સંખ્યાઓનો સરવાળો શું થાય?

(A) 31 (B) 33

(C) 35 (D) 38

The sum of the squares of three consecutive numbers is 365. What is the sum of these numbers?

(A) 31 (B) 33

(C) 35 (D) 38

059. 50,000 લિટરની ક્ષમતાની પાણીની ટાંકી પૂરેપૂરી ભરેલી છે. લીકેજના કારણે દર અઠવાડિયે પાણીનું સ્તર અગાઉના અઠવાડિયા કરતાં અડધા સ્તર પર આવી જાય છે. પાંચ અઠવાડિયા પછી પાણીનું સ્તર શું હશે?

(A) 3,000 (B) 1,562.5

(C) 1,500 (D) આપેલ પૈકી એકપણ નહી

A 50,000 liter capacity water tank is completely filled. Due to a leak, the water level drops to half of the previous week's level every week. What will be the water level after five weeks?

(A) 3,000 (B) 1,562.5

(C) 1,500 (D) None of the given

060. 2, G અને 50 ગુણોત્તર શ્રેણીમાં છે. G ની કિંમત શોધો.

(A) માત્ર 10 (B) માત્ર -10

(C) માત્ર 20 (D) A અથવા B

The numbers 2, G, and 50 are in geometric progression (G.P.). Find the value of G.

(A) Only 10 (B) Only -10

(C) Only 20 (D) A OR B

## PART - B

061. નીચેનામાંથી કયા શબ્દનો ઉલ્લેખ ભારતીય બંધારણના આમુખમાં કરવામાં આવેલ નથી?

(A) ન્યાય (B) સ્વતંત્રતા

(C) ન્યાયસંગતતા (D) સમાનતા

Which of the following words is not mentioned in the Preamble of the Constitution of India?

(A) Justice (B) Liberty

(C) Equity (D) Equality

062. મૂળભૂત અધિકારોના સંદર્ભમાં નીચેનામાંથી સાચું વિધાન પસંદ કરો.

(A) ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો સંપૂર્ણ છે.

(B) ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો તેમને બહુમતીના અત્યાચાર સામે રક્ષણ આપે છે.

(C) ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો ન્યાયી નથી.

(D) ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો ન્યાયી છે.

Select the correct statement from the following.

(A) The fundamental rights granted by the Indian Constitution are absolute.

(B) The fundamental rights of Indian citizens protect them against the tyranny of the majority.

(C) The fundamental rights of Indian citizens are not equitable.

(D) The fundamental rights of Indian citizens are equitable.

063. ભારતીય બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવાનો હેતુ ............. સ્થાપિત કરવાનો હતો.

(A) સામાજિક લોકશાહી (B) સામાજિક અને આર્થિક લોકશાહી

(C) રાજકીય લોકશાહી (D) ગાંધીવાદી લોકશાહી

The purpose of including the guiding principles of state policy in the Indian Constitution was to establish ________.

(A) Social democracy (B) Social and economic democracy

(C) Political democracy (D) Gandhian democracy

064. ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો શા માટે ઉમેરવામાં આવી હતી?

(A) મૂળભૂત અધિકારોને વધુ અસરકારક બનાવવા.

(B) રાષ્ટ્રવિરોધી, વિધ્વંસક અને ગેરબંધારણીય ગતિવિધિઓને રોકવા.

(C) મૂળભૂત અધિકારો કરતાં નિર્દેશક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપવી.

(D) ઉપરોક્ત તમામ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા.

Why were fundamental duties added to the Indian Constitution?

(A) To make fundamental rights more effective

(B) To prevent anti-national, subversive and unconstitutional activities

(C) To give priority to directive principles over fundamental rights

(D) To achieve all the above objectives

065. ભારતના રાષ્ટ્રપતિને કેન્દ્ર-રાજ્યના નિશ્ચિત નાણાંકીય સંબંધો અંગે ભલામણ કોણ કરે છે?

(A) નાણાં મંત્રી (B) ભારતીય રિઝર્વ બેંક

(C) આયોજન પંચ (D) નાણાં પંચ

Who recommends to the President of India on the specific Union-State fiscal relations?

(A) Finance minister (B) Reserve bank of India

(C) Planning Commission (D) Finance Commission

066. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (CAG) ના વાર્ષિક ઓડિટ અહેવાલો સંસદ સમક્ષ કોના દ્વારા રજૂ કરવામાં આવે છે?

(A) રાષ્ટ્રપતિ (B) પ્રધાનમંત્રી

(C) લોકસભાના અધ્યક્ષ (D) જાહેર હિસાબ સમિતિના ચેરમેન

The annual audit reports of the Comptroller and Auditor General of India (CAG) are presented to the Parliament by whom?

(A) The President

(B) The Prime Minister

(C) The Speaker of Lok Sabha

(D) The Chairman of Public Account Committee

067. કેટલામો બંધારણીય સુધારો મહિલાઓને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની વિધાનસભા, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33% અનામત આપવાની જોગવાઈ કરે છે?

(A) 100મો સુધારો (B) 105મો સુધારો

(C) 106મો સુધારો (D) 107મો સુધારો

Which constitutional amendment provides 33% reservation for women in the National Capital Territory of Delhi Legislative Assembly, Lok Sabha, Rajya Sabhas and state assemblies?

(A) $100^{th}$ Amendment (B) $105^{th}$ Amendment

(C) $106^{th}$ Amendment (D) $107^{th}$ Amendment

068. ભારતીય બંધારણ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના વિતરણ માટે ત્રણ યાદીઓ રજૂ કરે છે. કયા બે અનુચ્છેદ તે વિતરણનું નિયમન કરે છે?

(A) અનુચ્છેદ 4 અને 5 (B) અનુચ્છેદ 56 અને 57

(C) અનુચ્છેદ 141 અને 142 (D) અનુચ્છેદ 245 અને 246

Indian Constitution presents three lists for the distribution of power between centre and states. Which two Articles regulate that distribution?

(A) Article 4 and 5 (B) Article 56 and 57

(C) Article 141 and 142 (D) Article 245 and 246

069. ભારતીય બંધારણના નીચેનામાંથી કયો ભાગ સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને અધિકારક્ષેત્ર સાથે સંબંધિત છે?

(A) ભાગ - 4 (B) ભાગ - 5

(C) ભાગ - 6 (D) ભાગ - 7

Which of the following parts of the Indian Constitution deals with the powers and jurisdiction of the Supreme Court?

(A) Part – 4 (B) Part – 5

(C) Part – 6 (D) Part – 7

070. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ચૂંટણી પંચના સ્વતંત્ર અને નિષ્પક્ષ કાર્યને સુરક્ષિત રાખવા અને સુનિશ્ચિત કરવા માટેની જોગવાઈઓનો ઉલ્લેખ છે?

(A) અનુચ્છેદ 324 (B) અનુચ્છેદ 326
(C) અનુચ્છેદ 304 (D) અનુચ્છેદ 300

Which article of the Indian Constitution mentions the provisions to protect and ensure the independent and impartial functioning of the Election Commission?

(A) Article 324 (B) Article 326
(C) Article 304 (D) Article 300

071. ભારતમાં સૌ પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રની શરૂઆત ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કયા શહેરમાં થઈ છે?

(A) પુણે (B) ચંડીગઢ
(C) ન્યુ દિલ્હી (D) ગુરુગ્રામ

In which city was the first World Peace Centre in India inaugurated by former President Ram Nath Kovind?

(A) Pune (B) Chandigarh
(C) New Delhi (D) Gurugram

072. ભારતના પ્રથમ 3D પ્રિન્ટેડ પોસ્ટ ઓફીસનું ઉદ્દઘાટન ક્યાં કરાયું?

(A) બેંગ્લોર (B) મુંબઈ
(C) ચેન્નાઈ (D) અયોધ્યા

Where was India's first 3D printed post office inaugurated?

(A) Bengaluru (B) Mumbai
(C) Chennai (D) Ayodhya

073. તાજેતરમાં કયા સ્થળેથી INS નિર્દેશક જહાજને નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું?

(A) કોચીન (B) વિશાખાપટ્ટનમ
(C) મુંબઈ (D) કલકત્તા

From which place was the INS Director ship inducted into the Navy recently?

(A) Cochin (B) Visakhapatnam
(C) Mumbai (D) Kolkata

074. "ડેટા પ્રોટેક્શન ડે" લોકોમાં ડેટા પ્રાઈવસી અને પ્રોટેક્શન અંગે જાગૃત કરવા માટે ક્યારે ઉજવવામાં આવે છે?

(A) 12 જાન્યુઆરી (B) 15 જાન્યુઆરી
(C) 18 જાન્યુઆરી (D) 28 જાન્યુઆરી

When is "Data Protection Day" celebrated to create awareness among the people about data privacy and protection?

(A) 12 January (B) 15 January
(C) 18 January (D) 28 January

075. કચ્છનો પ્રાગ-મહેલ ________ સ્થાપત્યશૈલીમાં બાંધવામાં આવ્યો છે?

(A) ઈન્ડો-ઈસ્લામિક (B) ઈન્ડો-એથીનિક
(C) ઈટાલિયન-ગોથિક (D) મુઘલ શૈલી

The Prag-Mahal of Kutch is built in ________ architectural style?

(A) Indo-Islamic (B) Indo-Ethnic
(C) Italian-Gothic (D) Mughal style

076. ભારતની પ્રથમ એઆઈ (AI) યુનિવર્સીટી ક્યાં સ્થાપિત થઈ છે?

(A) મહારાષ્ટ્ર (B) દિલ્હી

(C) ગુજરાત (D) રાજસ્થાન

Where is India's first AI University established?

(A) Maharashtra (B) Delhi

(C) Gujarat (D) Rajasthan

077. કોર્પોરેટ સામાજિક ઉત્તરદાયિત્વ માટે 19મા આંતરાષ્ટ્રીય સંમેલનમાં ગોલ્ડન પીકોક સીએસઆર એવોર્ડ 2024 નીચેનામાંથી કોને મળ્યો છે?

(A) ટાટા ઈન્ડિયા લિમિટેડ (B) કોલ ઈન્ડિયા લિમિટેડ

(C) મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (D) ઈન્ફોસીસ લિમિટેડ

Who among the following has received the Golden Peacock CSR Award 2024 at the 19th International Conference on Corporate Social Responsibility?

(A) Tata India Limited (B) Coal India Limited

(C) Maruti Suzuki India Limited (D) Infosys Limited

078. હાલમાં પ્રથમ મહિલા હોકી ઈન્ડિયા લીગ નીચેનામાંથી કોણે જીતી?

(A) એસ.આર. બેંગાલ ટાઈગર (B) દિલ્હી એસજી પાઈપર્સ

(C) સૂરમાં હોકી ક્લબ (D) ઓડીસા વોરીઅર

Who among the following won the first ever Women's Hockey India League recently?

(A) S.R. Bengal Tigers (B) Delhi SG Pipers

(C) Surama Hockey Club (D) Odisha Warriors

079. એઆઈ (AI) એક્શન સમિટ 2025 કયા શહેરમાં યોજાય ગઈ?

(A) પેરિસ (B) ન્યુયોર્ક

(C) જીનીવા (D) ટોક્યો

In which city was the AI Action Summit 2025 held?

(A) Paris (B) New York

(C) Geneva (D) Tokyo

080. બરાક વેલી કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) નાગાલેન્ડ (B) મણીપુર

(C) આસામ (D) સિક્કિમ

In which state is Barak Valley located?

(A) Nagaland (B) Manipur

(C) Assam (D) Sikkim

**નીચેના ગદ્ય ખંડને વાંચો અને પ્રશ્ન 81 થી 85ના જવાબ આપો.**

ભારતનું અર્થતંત્ર વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ અને ઝડપથી વિકસતું અર્થતંત્ર છે, જે વિશ્વના અર્થતંત્રમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. દેશમાં વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ જોવા મળે છે, જેમાં કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ખેતી આજે પણ સૌથી મોટો રોજગારીનો સ્રોત છે. પરંતુ, કૃષિ ક્ષેત્રનું અર્થવ્યવસ્થામાં યોગદાન પ્રમાણમાં ઓછું છે, જે ઉત્પાદકતાની સમસ્યાને દર્શાવે છે. ખેડૂતોને ટેકનોલોજી, આધુનિક ખેતી પદ્ધતિઓ અને બજારની પહોંચના અભાવનો સામનો કરવો પડે છે. આથી, સરકાર વિવિધ યોજનાઓ અને સહાય દ્વારા કૃષિ ક્ષેત્રની કાર્યક્ષમતા સુધારવાના પ્રયાસો કરી રહી છે. સેવા ક્ષેત્ર, વિશેષ કરીને આઈટી, બેન્કિંગ, ટેલિકોમ, પર્યટન અને અન્ય વ્યાવસાયિક સેવાઓ અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપે છે અને વિશ્વ સ્તરે ભારતની ઓળખ બનાવે છે. આ ક્ષેત્રમાં કુશળતા અને નવીનતાથી ભરપૂર રોજગારીનું સર્જન થાય છે, જેના કારણે દેશ-વિદેશના રોકાણકારોનું ધ્યાન આકર્ષાય છે.

ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવા માટે ''મેક ઈન ઈન્ડિયા'' જેવી પહેલ શરૂ કરવામાં આવી છે, જેના પરિણામે દેશમાં વિદેશી રોકાણ અને સ્થાનિક ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ''ડિજિટલ ઈન્ડિયા'' જેવી યોજનાઓ દ્વારા ડિજિટલ માળખાકીય સુવિધાઓને સુદૃઢ બનાવીને દેશને વૈશ્વિક ટેકનોલોજી કેન્દ્ર બનાવવાની દિશામાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. તેમ છતાં, ભારતના અર્થતંત્રમાં હજુ પણ બેરોજગારી, વેપાર ખાધ અને મોંઘવારી જેવા પડકારો છે, જે આર્થિક વિકાસને અવરોધે છે. સરકારે ''ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના (પી.એલ.આઈ.)'' સહિત વિવિધ પગલાં લઈને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું છે, જેનાથી રોજગારી અને ઉત્પાદનમાં વધારો થાય છે.

**081.** ભારતમાં સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર કયું છે?

(A) સેવા ક્ષેત્ર
(B) કૃષિ ક્ષેત્ર
(C) ઉત્પાદન ક્ષેત્ર
(D) ઉદ્યોગ ક્ષેત્ર

**082.** કૃષિ ક્ષેત્રનો અર્થતંત્રમાં યોગદાન કેવી સમસ્યાને દર્શાવે છે?

(A) બજારનો અભાવ
(B) ટેકનોલોજીની ઉપલબ્ધતા
(C) ઉત્પાદકતાની સમસ્યા
(D) જમીનની અછત

**083.** ભારતમાં કયું ક્ષેત્ર ખાસ કરીને આઈટી, બેન્કિંગ, અને ટેલિકોમ જેવા ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરે છે?

(A) સેવા ક્ષેત્ર
(B) કૃષિ ક્ષેત્ર
(C) ઉત્પાદન ક્ષેત્ર
(D) ઉદ્યોગ ક્ષેત્ર

**084.** 'ડિજિટલ ઈન્ડિયા' યોજના હેઠળ શેને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે?

(A) ગ્રામ્ય ખેતી પદ્ધતિઓ
(B) ડિજિટલ માળખાકીય સુવિધાઓ
(C) આંતરરાષ્ટ્રીય વેપાર
(D) કૃષિ ઉત્પાદકતા

**085.** ભારતના અર્થતંત્રના મુખ્ય પડકારોમાં કયો પડકાર ઉલ્લેખાયેલ છે?

(A) પર્યટનમાં વૃદ્ધિ
(B) વિદેશી રોકાણમાં વધારો
(C) વેપાર ખાધ
(D) કૃષિનું આધુનિકીકરણ

**Read the following passage and answer the question no. 86 to 90.**

The Indian economy, currently the fifth largest globally by nominal GDP, reached approximately ₹310.5 lakh crore ($3.73 trillion) in 2023, displaying an impressive growth trajectory. In recent years, India's growth rate averaged around 6.7%, with forecasts projecting a GDP growth rate of 6.3% for 2024, despite global economic slowdowns. India's economy, primarily driven by robust services and manufacturing sectors, contributes approximately 54% and 17% respectively to the nation's GDP. Agriculture, traditionally a significant sector, still employs about 45% of the workforce but contributes only around 18% to the GDP, highlighting a productivity disparity.

India's foreign direct investment (FDI) inflow reached ₹7.06 lakh crore ($84.8 billion) in fiscal year 2022, a sharp increase from ₹6.82 lakh crore ($81.97 billion) in 2021, demonstrating investor confidence. The foreign exchange reserves stood robust at approximately ₹49.83 lakh crore ($598 billion) in early 2024, providing adequate coverage for about 10 months of imports, thus reinforcing economic stability. Inflation, measured by the Consumer Price Index (CPI), hovered around 5.6% in 2023, within the Reserve Bank of India's targeted range of 2% to 6%.

Despite impressive economic figures, challenges persist. India's unemployment rate was reported at 7.8% in early 2024, with youth unemployment remaining significantly higher at approximately 23%. Trade deficit figures reveal another pressure point, widening to ₹22.25 lakh crore ($267 billion) in fiscal year 2022-2023 from ₹16 lakh crore ($192 billion) in the preceding year, due primarily to elevated crude oil prices and increased imports of electronics and gold. Nonetheless, India's policy initiatives like 'Make in India', Production Linked Incentive (PLI) schemes, and digitalization drives under the Digital India initiative are steadily attracting investments and fostering domestic industry growth, essential for addressing structural economic challenges and maintaining long-term sustainable growth.

**086.** What was India's nominal GDP approximately in 2023?

(A) ₹ 210.5 lakh crore
(B) ₹ 310.5 lakh crore
(C) ₹ 410.5 lakh crore
(D) ₹ 510.5 lakh crore

**087.** India's GDP growth rate forecast for 2024 is:

(A) 6.7%
(B) 5.6%
(C) 6.3%
(D) 7.8%

**088.** Which sector contributes approximately 54% to India's GDP?

(A) Manufacturing
(B) Agriculture
(C) Services
(D) Construction

**089.** Which sector employs around 45% of India's workforce?

(A) Agriculture
(B) Manufacturing
(C) Services
(D) Construction

**090.** What was India's CPI inflation rate in 2023?

(A) 4.6%
(B) 6.3%
(C) 5.6%
(D) 7.8%

091. એક સમઘન પાસાને ઉછાળતા મળતા પરિણામો ________ કહેવાય.

(A) સતત (B) અસતત

(C) ગુણાવાચક (D) અપૂર્ણ

The results obtained by tossing a die are called _____.

(A) Continuous (B) Discrete

(C) Multiplicative (D) Incomplete

092. ઋણ વિષમ આવૃત્તિ-વિતરણ માટે કયું વિધાન ખોટું છે ?

(A) મધ્યકની કિંમત મધ્યસ્થ અને બહુલકની કિંમત કરતાં ઓછી હોય છે.

(B) ત્રીજો ચતુર્થક અને મધ્યસ્થ વચ્ચેના અંતરનું મૂલ્ય, મધ્યસ્થ અને પ્રથમ ચતુર્થક વચ્ચેના અંતરના મૂલ્ય કરતાં ઓછું હોય છે.

(C) આવૃત્તિ-વિતરણમાં આવૃત્તિવક્રનો છેડો ડાબી બાજુ વધુ ખેંચાયેલો હોય છે.

(D) ત્રીજો ચતુર્થક અને મધ્યસ્થ વચ્ચેનાં અંતરનું મૂલ્ય, મધ્યસ્થ અને પ્રથમ ચતુર્થક વચ્ચેના અંતરના મૂલ્ય કરતાં વધારે હોય છે.

Which statement is incorrect for a negative skewed frequency distribution?

(A) The value of the median is less than the value of the median and the range.

(B) The value of the distance between the third quartile and the median is less than the value of the distance between the median and the first quartile.

(C) In a frequency distribution, the end of the frequency curve is more stretched to the left.

(D) The value of the distance between the third quartile and the median is greater than the value of the distance between the median and the first quartile.

093. આવૃત્તિ-વિતરણમાં જો $Q_3 + Q_1 = 30$ અને $M = 15$ હોય, તો તેની વિષમતા માટે કયું વિધાન સાચું છે.

(A) આવૃત્તિ-વિતરણ વધુ વિષમ છે.

(B) આવૃત્તિ-વિતરણ સંમિતતાનો અભાવ છે.

(C) આવૃત્તિ-વિતરણ ઓછું વિષમ છે.

(D) આવૃત્તિ-વિતરણ સંમિતતા ધરાવે છે.

If $Q_3 + Q_1 = 30$ and $M = 15$, which of the following statements is true regarding its skewness?

(A) Frequency distribution is more skewed.

(B) Frequency distribution lacks symmetry.

(C) The distribution is less skewed.

(D) The distribution is symmetric.

094. પ્રાથમિક માહિતી માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) પ્રાથમિક માહિતી ગૌણ માહિતીની સરખામણીમાં ઓછી ભરોસાપાત્ર છે.

(B) પ્રાથમિક માહિતી કાળજીપૂર્વક એકઠી કરાયેલ છે કે નહિ તેના પર આધાર રાખે છે.

(C) પ્રાથમિક માહિતી પ્રકાશિત થયેલ સરકારી પ્રકાશનોમાંથી મેળવાય છે.

(D) પ્રાથમિક માહિતી ગૌણ માહિતીની સરખામણીમાં હંમેશાં વધારે ભરોસાપાત્ર છે.

Which of the following statements is true regarding primary information?

(A) Primary information is less reliable compared to secondary information.

(B) Primary information is carefully collected and does not rely on other sources.

(C) Primary information is obtained from government-published documents.

(D) Primary information is always more reliable compared to secondary information.

095. ઘટના Aની સંભાવના p હોય, ઘટના Bની સંભાવના q હોય, તથા A અને B નિરપેક્ષ ઘટનાઓ હોય, તો A અને B બેમાંથી ઓછામાં ઓછી એક ઘટના ઉદભવે તેની સંભાવના શું થાય?

(A) pq
(B) p + q + pq
(C) p + q
(D) p + q - pq

If the probability of event A is p, the probability of event B is q, and A and B are independent events, what is the probability that at least one of A or B occurs?

(A) pq
(B) p + q + pq
(C) p + q
(D) p + q - pq

096. જો P(C) = 0.3, P(D)= 0.4 અને P(C∩D)=0.2 હોય તો, P(C|D) શોધો.

(A) $\frac{2}{3}$
(B) $\frac{1}{3}$
(C) $\frac{1}{2}$
(D) $\frac{2}{7}$

If P(C) = 0.3, P(D) = 0.4, and P(C ∩ D) = 0.2, find P(C|D).

(A) $\frac{2}{3}$
(B) $\frac{1}{3}$
(C) $\frac{1}{2}$
(D) $\frac{2}{7}$

097. 3 પુરુષ, 2 સ્ત્રી અને 4 બાળકોના સમૂહમાંથી 3 વ્યક્તિઓ યદચ્છ રીતે પસંદ કરવામાં આવે છે, પસંદ કરેલી વ્યક્તિઓમાં 2 બાળક હોય તેવી સંભાવના કેટલી થશે?

(A) 1/14
(B) 2/7
(C) 3/14
(D) 5/14

From a group of 3 men, 2 women, and 4 children, 3 individuals are randomly selected. What is the probability that 2 of the selected individuals are children?

(A) 1/14
(B) 2/7
(C) 3/14
(D) 5/14

098. નીચેનામાંથી કયો ચલ એ સતત ચલનું ઉદાહરણ છે ?

(A) કોઈ એક સ્થળે બનતા અકસ્માતની સંખ્યા
(B) વર્ષ દરમિયાન વરસાદ પડયો હોય તેવા દિવસોની સંખ્યા
(C) દિવસ દરમિયાનનું મહત્તમ તાપમાન
(D) કુટુંબમાં બાળકોની સંખ્યા

Which of the following is an example of a continuous variable?

(A) The number of accidents at a location
(B) The number of rainy days in a year
(C) The maximum temperature during a day
(D) The number of children in a family

099. પ્રામાણ્ય વિતરણનાં 99% અવલોકનો સામાન્ય રીતે નીચેના પૈકી કઈ સીમામાં હોય છે?

(A) $\mu \pm 1.96\ \sigma$
(B) $\mu \pm 2\ \sigma$
(C) $\mu \pm 2.575\ \sigma$
(D) $\mu \pm 3\ \sigma$

99% of the observations in a normal distribution typically fall within which of the following ranges?

(A) $\mu \pm 1.96\ \sigma$
(B) $\mu \pm 2\ \sigma$
(C) $\mu \pm 2.575\ \sigma$
(D) $\mu \pm 3\ \sigma$

100. યાદચ્છિક x નું વિતરણ પોયસન છે, જો P(x = 1) = P(x = 2) આપેલું હોય તો X નો મધ્યક શું થશે

(A) 1
(B) 1/2
(C) 2
(D) આગળના વિકલ્પોમાંથી એક પણ નહી

If the distribution of a random variable x is Poisson, and P(x = 1) = P(x = 2), what is the mean of x?

(A) 1
(B) 1/2
(C) 2
(D) None of the above

101. જો કોઈ દ્વિપદી વિતરણનો મધ્યક 6 અને વિચરણ 4 હોય તો સફળતાની સંભાવના શું થશે?

(A) 1/3
(B) 2/5
(C) 1/2
(D) આગળના વિકલ્પોમાંથી એક પણ નહી

If the mean of a binomial distribution is 6 and the variance is 4, what is the probability of success?

(A) 1/3
(B) 2/5
(C) 1/2
(D) None of the above

102. આગણક અને પ્રાચલ અનુક્રમે કોના-કોના લક્ષણ છે ?

(A) સમષ્ટિ અને નિદર્શ
(B) નિદર્શ અને સમષ્ટિ
(C) નિદર્શ અને નિદર્શ
(D) સમષ્ટિ અને સમષ્ટિ

Statistics and Parameter are characteristics of what, respectively?

(A) Population and Sample
(B) Sample and Population
(C) Sample and Sample
(D) Population and Population

103. નીચેનામાંથી સાચું વિધાન જણાવો :

(A) જો સમષ્ટિમાંથી સમય, મૂલ્ય અથવા સ્થાનના સમાન અંતરે એકમો પસંદ કરવામાં આવે તો, તે નિદર્શન યોજનાને સ્તરિત નિદર્શન યોજના કહેવાય.
(B) આગણક એ સમષ્ટિનું લક્ષણ છે.
(C) સારા નિદર્શમાં નિદર્શના એકમો સમયના એક જ ગાળામાં પસંદ થયેલા હોવા જોઈએ.
(D) સમષ્ટિના એકમોને સમાંગ સમૂહોમાં વહેંચી તેમાંથી યાદચ્છિક નિદર્શો જે નિદર્શન પદ્ધતિમાં લેવામાં આવે છે તેને પદિક નિદર્શન કહે છે.

Which of the following statements is true?

(A) If units are selected at equal intervals of time, value, or space from a population, it is called stratified sampling.
(B) A parameter is a characteristic of a population.
(C) A good sample should have units selected within the same time period.
(D) Dividing the population into homogeneous groups and selecting random samples from them is called systematic sampling.

104. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો :

(A) સરળ યાદચ્છિક નિદર્શ પદ્ધતિમાં સમષ્ટિના દરેક એકમને નિદર્શમાં પસંદ થવાની સમાન તક હોય છે.

(B) સમષ્ટિ તપાસમાં સમષ્ટિના દરેક એકમની તપાસ કરવામાં આવે છે.

(C) જ્યારે સમષ્ટિના એકમોના ગુણધર્મો વચ્ચે વધુ અસમાનતા જોવા મળે ત્યારે સ્તરિત યાદચ્છિક નિદર્શન ફાયદાકારક પદ્ધતિ છે.

(D) સારા નિદર્શમાં નિદર્શના એકમો અલગ અલગ સમય ગાળામાં પસંદ થયેલા હોવા જોઈએ.

Which of the following statements is false?

(A) In simple random sampling, every unit in the population has an equal chance of being selected.

(B) In a population survey, every unit of the population is examined.

(C) Stratified random sampling is beneficial when there is significant variability among the units of the population.

(D) A good sample should have units selected from different time periods.

105. એક અજ્ઞાત મધ્યકવાળી પ્રામાણ્ય સમષ્ટિમાંથી લીધેલ 900 એકમોના એક યદ્દચ્છ નિદર્શનો મધ્યક 2.7 સે.મી. અને પ્રમાણિત વિચલન 2.61 સે.મી. છે. સમષ્ટિ મધ્યક માટે 90 % વિશ્વસનીય સીમાઓ શું થશે?

(A) $2.7 \pm 0.79$ (B) $2.7 \pm 0.41$

(C) $2.7 \pm 0.42$ (D) $2.7 \pm 0.14$

From a random sample of 900 units taken from a normal population with an unknown mean, the sample mean is 2.7 cm, and the standard deviation is 2.61 cm. What are the 90% confidence limits for the population mean?

(A) $2.7 \pm 0.79$ (B) $2.7 \pm 0.41$

(C) $2.7 \pm 0.42$ (D) $2.7 \pm 0.14$

106. 4000 કદવાળી એક સમષ્ટિનું વિચરણ 2250 છે આ સમષ્ટિમાંથી 400 એકમોનો સરળ યાદચ્છિક નિદર્શ પુનઃસ્થાપન વિના લીધેલ છે તો નિદર્શ મધ્યકનો પ્રમાણિત દોષ શું થશે?

(A) 2.25 (B) 2.3717

(C) 5.0625 (D) 6.625

For a population of size 4000 with a variance of 2250, a simple random sample of 400 units is taken without replacement. What will be the standard error of the sample mean?

(A) 2.25 (B) 2.3717

(C) 5.0625 (D) 6.625

107. નમૂનાનો મધ્યક 64 અને વિચરણ 25 હોય તો $H_0 : \mu = 50$ વિરુદ્ધ $H_1 : \mu \neq 50$ ચકાસવા માટે તમે નીચેનામાંથી કયા પરિક્ષણનો ઉપયોગ કરશો?

(A) Z – પરીક્ષણ (B) $\chi^2$ – પરીક્ષણ

(C) F – પરીક્ષણ (D) t – પરીક્ષણ

If the sample mean is 64 and the variance is 25, which test would you use to test $H_0 : \mu = 50$ against $H_1 : \mu \neq 50$.

(A) Z-test (B) $\chi^2$-test

(C) F-test (D) t-test

**108.** જો વોલ્ડ-વોલ્ફોવિટ્ઝ સનુક્રમ પરિક્ષણમાં નિદર્શનું કદ મોટું હોય તો ચલ R માટે વિચરણ શું થાય?

(A) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)(m+n-1)}$ (B) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)^2(m+n-1)}$

(C) $Var(R) = \frac{mn(2mn-m-n)}{(m+n)^2(m+n-1)}$ (D) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)(m-n-1)}$

If the sample size is large in the Wald-Wolfowitz runs test, what is the variance of the statistic R?

(A) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)(m+n-1)}$ (B) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)^2(m+n-1)}$

(C) $Var(R) = \frac{mn(2mn-m-n)}{(m+n)^2(m+n-1)}$ (D) $Var(R) = \frac{2mn(2mn-m-n)}{(m+n)(m-n-1)}$

**109.** સૂચકઆંકના લક્ષણો વિશે નીચેનામાંથી કયા વિધાનો યોગ્ય છે?

i. સૂચકઆંક ટકાવારી ફેરફાર દર્શાવતું સાપેક્ષ માપ છે.
ii. સૂચકઆંક એકમથી મુક્ત માપ છે.
iii. સૂચકઆંક તુલનાત્મક માપ છે.
iv. સૂચકઆંક એક વિશિષ્ટ સરેરાશ માપ છે.

(A) i, ii અને iii (B) i, iii અને iv
(C) ii, iii અને iv (D) i, ii, iii અને iv

Which of the following statements about index numbers is correct?

i. Index numbers are relative measures of percentage change.
ii. Index numbers are unit-free measures.
iii. Index numbers are comparative measures.
iv. Index numbers are specific average measures.

(A) i, ii and iii (B) i, iii and iv
(C) ii, iii and iv (D) i, ii, iii and iv

**110.** જો $P_{01}$ અને $P_{10}$ અનુક્રમે સમયમાં પરિવર્તન કર્યા પહેલાના અને પછીના સૂચક આંક હોય તો આ પરિક્ષણને કયા સૂત્રથી દર્શાવી શકાય?

(A) $P_{01} \times P_{10} = 1$ (B) $P_{01} + P_{10} = 1$

(C) $P_{01} \times \frac{1}{P_{10}} = 1$ (D) $\frac{1}{P_{01}} \times P_{10} = 1$

If $P_{01}$ and $P_{10}$ are the index numbers before and after a time change, respectively, which formula represents their relationship?

(A) $P_{01} \times P_{10} = 1$ (B) $P_{01} + P_{10} = 1$

(C) $P_{01} \times \frac{1}{P_{10}} = 1$ (D) $\frac{1}{P_{01}} \times P_{10} = 1$

**111.** જો ફિશર અને લાસ્પેયરનો સૂચક આંક 124.53 અને 124.06 હોય તો પાશેનો સૂચક આંક શું થાય?

(A) 124 (B) 126
(C) 125 (D) 123

If the Fisher and Laspeyres index numbers are 124.53 and 124.06, respectively, what is the Paasche index number?

(A) 124 (B) 126
(C) 125 (D) 123

112. જો $b_{yx} > 1$ હોય તો $b_{xy}$ની કિંમત શું થાય?

(A) 1 કરતા ઓછી (B) 1 કરતા વધુ

(C) 1 (D) 0

If $b_{yx} > 1$,what is the value of $b_{xy}$?

(A) Less than 1 (B) Greater than 1

(C) 1 (D) 0

113. જો Cov (x, y) = –16.5, Var (x) = 2.89 અને Var (y) = 100 હોય તો x અને y વચ્ચેના સહસંબંધાંક r નું મૂલ્ય શું થશે?

(A) 0.36 (B) – 0.64

(C) 0.97 (D) – 0.97

If Cov (x, y) = – 16.5, Var (x) = 2.89 and Var (y) = 100, what is the value of the correlation coefficient r between x and y?

(A) 0.36 (B) – 0.64

(C) 0.97 (D) – 0.97

114. ક્રમાંક સહસંબંધાકમાં પુનરાવર્તન પામતા પ્રત્યેક અવલોકન માટે પ્રચલિત સંકેતોમાં $\sum d^2$ માં કયું પદ ઉમેરવામાં આવે છે?

(A) $\frac{m^2 - m}{12}$ (B) $n(n^2–1)$

(C) $\frac{6m^2 - m}{12}$ (D) $\frac{m^2 - 1}{12}$

In rank correlation, for each repeated observation, which term is added to $\sum d^2$?

(A) $\frac{m^2 - m}{12}$ (B) $n(n^2–1)$

(C) $\frac{6m^2 - m}{12}$ (D) $\frac{m^2 - 1}{12}$

115. ગેમ્પર્ટ વક્ર (Gompertz Curve)નું સૂત્ર નીચેનામાંથી કયું છે?

(A) $y_t = ka^{b^t}$ (B) $\frac{1}{y_t} = k + ab^t$

(C) $y_t = \frac{k}{1 + be^{-at}}$ (D) $X_t = \frac{k}{1 + me^{-gt}}$

Which of the following is the formula for the Gompertz Curve?

(A) $y_t = ka^{b^t}$ (B) $\frac{1}{y_t} = k + ab^t$

(C) $y_t = \frac{k}{1 + be^{-at}}$ (D) $X_t = \frac{k}{1 + me^{-gt}}$

116. મોસમી અસર માટે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો યોગ્ય છે?

i. સાધારણ રીતે મોસમી અસરનો સમય એક વર્ષ અથવા ઓછા પ્રમાણમાં હોય છે.

ii. નિયમિત મોસમી અસરને ચક્રીય અસર પણ કહેવાય છે.

iii. મોસમી ઘટકમાં મોસમની નિયમિત અને અનિયમિત એમ બે જાતની અસર હોય છે.

(A) ફક્ત i (B) i અને iii

(C) ii અને iii (D) i, ii અને iii

Which of the following statement/statements about seasonal effects is/are correct?

i. Seasonal effects typically last for a year or less.

ii. Regular seasonal effects are also called cyclical effects.

iii. Seasonal components include both regular and irregular effects.

(A) Only i (B) i and iii

(C) ii and iii (D) i, ii and iii

117. જો 1975ને મૂળ તરીકે દર્શાવતી વલણ રેખા Y = 20.6 + 1.68X હોય, તો 1971ને મૂળ તરીકે દર્શાવતી વલણ રેખા કઈ રીતે દર્શાવાય?

(A) Y = 20.6 + 6.72X
(B) Y = 13.88 + 1.68X
(C) Y = 34.61 + 1.68X
(D) ઉપરમાંથી એક પણ નહિ

If the trend line representing 1975 as the base year is Y = 20.6 + 1.68X, then how will the trend line representing 1971 as the base year be expressed?

(A) Y = 20.6 + 6.72X
(B) Y = 13.88 + 1.68X
(C) Y = 34.61 + 1.68X
(D) None of the above

118. જો જન્મ સમયે જાતિ ગુણોત્તર 1.05 પર સ્થિર હોય, તો કુલ પ્રજોપ્તી દર (GRR)ની ગણતરી કુલ પ્રજનન દર (TFR)નો ઉપયોગ કરીને નીચેનામાંથી કયા સૂત્ર દ્વારા કરી શકાય?

(A) GFR = (1.00 x TFR)/1.05
(B) GFR = 1.00/(1.05 x TFR)
(C) GFR = (1.00 x TFR)/2.05
(D) GFR = 1.00/(2.05 x TFR)

If the sex ratio at birth is stable at 1.05, which formula is used to calculate the Gross Reproduction Rate (GRR) using the Total Fertility Rate (TFR)?

(A) GFR = (1.00 x TFR)/1.05
(B) GFR = 1.00/(1.05 x TFR)
(C) GFR = (1.00 x TFR)/2.05
(D) GFR = 1.00/(2.05 x TFR)

119. જો પ્રજનનદર અને મૃત્યુદર બંને ઘટે તો,

(A) આશ્રિત બાળકોનું પ્રમાણ વધશે
(B) સક્રિય વસ્તીનું પ્રમાણ વધશે
(C) આશ્રિત વૃદ્ધોનું પ્રમાણ વધશે
(D) આશ્રિત વૃદ્ધોનું પ્રમાણ ઘટશે

If both fertility and mortality rates decrease then,

(A) The proportion of dependent children will increase.
(B) The proportion of the active population will increase.
(C) The proportion of dependent elderly will increase.
(D) The proportion of dependent elderly will decrease.

120. x થી (x + n) વય જૂથના વ્યક્તિના જીવિત રહેવાની સંભાવના નીચેનામાંથી કયા સૂત્ર દ્વારા મળી શકે?

(A) $\frac{l_{x+n}}{l_x}$
(B) $(l_x - l_{x+n}) / l_x$
(C) $(l_x - l_{x+n}) / l_{x+n}$
(D) $l_x / l_{x+n}$

What formula is used to calculate the probability of survival for individuals in the age group x to (x + n)?

(A) $\frac{l_{x+n}}{l_x}$
(B) $(l_x - l_{x+n}) / l_x$
(C) $(l_x - l_{x+n}) / l_{x+n}$
(D) $l_x / l_{x+n}$

121. MoSPIની કામગીરી અંગેના નીચેના વિધાનો માંથી ક્યા વિધાનો યોગ્ય છે?

i. NSSO મારફત સર્વેક્ષણની કામગીરી

ii. આર્થિક ગણતરી કરાવવી

iii. આંતરરાષ્ટ્રીય આંકડાકીય સંસ્થાઓ સાથે સંકલન કરવું

iv. વસ્તી ગણતરી કરાવવી

(A) ii, iii અને iv (B) i, iii અને iv

(C) i, ii, અને iii (D) i, ii, iii અને iv

Which of the following statements about the functions of MoSPI are correct?

i. Conducting surveys through NSSO

ii. Preparing economic estimates

iii. Coordinating with international statistical organizations

iv. Conducting population censuses

(A) ii, iii and iv (B) i, iii and iv

(C) i, ii, and iii (D) i, ii, iii and iv

122. નીતિ આયોગ દ્વારા પ્રકાશિત SDG India Index Reportની વર્ષ 2023ની આવૃત્તિ મુજબ ગુજરાત રાજ્યનો સ્કોર કેટલો નોંધાયેલ છે?

(A) 64 (B) 65

(C) 69 (D) 74

According to the 2023 edition of the SDG India Index Report published by NITI Aayog, what was Gujarat's score?

(A) 64 (B) 65

(C) 69 (D) 74

123. ભારતના કુલ સ્થાનિક ઉત્પાદનો (GDP)ને લગતા આંકડા કોણ પ્રકાશિત કરે છે?

(A) RBI (B) MoSPI

(C) નીતિ આયોગ (D) નાણા મંત્રાલય

Who publishes the data related to India's Gross Domestic Product (GDP)?

(A) RBI (B) MoSPI

(C) NITI Aayog (D) Ministry of Finance

124. રાષ્ટ્રીય આંકડાકીય આયોગ (NSC)ની રચના કરવાની ભલામણ કઈ સમિતિ દ્વારા કરવામાં આવી હતી?

(A) કોઠારી સમિતિ (B) સરકારિયા સમિતિ

(C) સી. રંગરાજન સમિતિ (D) કપૂર સમિતિ

Which committee recommended the establishment of the National Statistical Commission (NSC)?

(A) Kothari Committee (B) Sarkaria Committee

(C) C. Rangarajan Committee (D) Kapoor Committee

125. રાષ્ટ્રીય આંકડાકીય આયોગ (NSC)ના વર્તમાન અધ્યક્ષ કોણ છે?

(A) પ્રો. રાજીવ લક્ષ્મણ કરંડીકર (B) પ્રો. એ. ગણેશ કુમાર
(C) પ્રો. મુકેશ મોહનિયા (D) પ્રો. દેબાશિષ કુંદુ

Who is the current chairperson of the National Statistical Commission (NSC)?

(A) Prof. Rajeev Lakshman Karandikar (B) Prof. A. Ganesh Kumar
(C) Prof. Mukesh Mohania (D) Prof. Debashis Kundu

126. ભારત સરકારના પ્રથમ મુખ્ય આંકડાશાસ્ત્રી કોણ હતા?

(A) ડો. પ્રણવ સેન (B) ટીસીએ અનંત
(C) પ્રવીણ શ્રીવાસ્તવ (D) ડો. જી. પી. સામંત

Who was the first Chief Statistician of Government of India?

(A) Dr. Pronab Sen (B) TCA Anant
(C) Praveen Srivastava (D) Dr. G. P. Samanta

127. ભારતમાં પ્રથમ વસ્તી ગણતરીની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી?

(A) લોર્ડ મિન્ટો (B) લોર્ડ મેયો
(C) લોર્ડ નોર્થબ્રૂક (D) લોર્ડ ઈરવિન

Who initiated the first population census in India?

(A) Lord Minto (B) Lord Mayo
(C) Lord Northbrook (D) Lord Irwin

128. મધ્યસ્થ આંકડા સંસ્થા (CSO)ની ફરજો બાબતે નીચેના વિધાનોમાંથી કયા વિધાનો યોગ્ય છે?

i. કેન્દ્ર અને રાજ્યોની આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન
ii. આંકડાકીય બાબતોને લગતી સલાહનું કાર્ય
iii. યુનાઈટેડ નેશન્સ અને બીજા આંતરરાષ્ટ્રીય આંકડાકીય સંગઠનોને રાષ્ટ્રીય માહિતી પૂરી પાડવી
iv. નિયમિત પ્રકાશન અને આર્થિક તથા સામાજિક આંકડાને લગતા આલેખ

(A) ii, iii અને iv (B) i, iii અને iv
(C) i, ii અને iii (D) i, ii, iii અને iv

Which of the following statements about the functions of the Central Statistical Office (CSO) is correct?

i. Coordinating statistical activities of the centre and states
ii. Providing advice on statistical matters
iii. Supplying national data to the United Nations and other international statistical organizations
iv. Regular publication and analysis of economic and social statistics

(A) ii, iii and iv (B) i, iii and iv
(C) i, ii, and iii (D) i, ii, iii and iv

129. ઔદ્યોગિક ઉત્પાદનને લગતા આંકડાની માહિતી મેળવી શકાય તે માટેનો પ્રથમ અધિનિયમ કયો હતો?

(A) ઇન્ડસ્ટ્રિયલ સ્ટેટીસ્ટીક્સ એક્ટ, 1942

(B) કલેક્શન ઓફ સ્ટેટીસ્ટીક્સ એક્ટ, 1953

(C) કલેક્શન ઓફ સ્ટેટીસ્ટીક્સ એક્ટ, 2008

(D) ઉપરમાંથી એક પણ નહિ

Which was the first act to collect data related to industrial production?

(A) Industrial Statistics Act, 1942 (B) Collection of Statistics Act, 1953

(C) Collection of Statistics Act, 2008 (D) None of the above

130. નીચેના પૈકી કઈ આંકડાકીય માહિતી મધ્યસ્થ આંકડા સંસ્થા (CSO) પ્રદાન કરતી નથી?

(A) રાષ્ટ્રીય આર્થિક વૃદ્ધિ દર (B) વાર્ષિક કૃષિ અહેવાલ

(C) ઔદ્યોગિક ઉત્પાદનને લગતા આંકડા (D) રાષ્ટ્રીય આવકના આંકડા

Which of the following types of statistical data is not provided by the Central Statistical Office (CSO)?

(A) National economic growth rate (B) Annual agricultural reports

(C) Data on industrial production (D) National income statistics

131. ગુજરાત રાજ્યના વર્ષ 2021-22ના ઉદ્યોગોનાં વાર્ષિક સર્વેક્ષણ અહેવાલ મુજબ કયા પ્રકારના ઉદ્યોગમાં સૌથી વધુ વર્કર અને કર્મચારીઓ રોકાયેલ છે?

(A) કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન

(B) કાપડ ઉત્પાદન

(C) મશીનરી અને અન્ય સાધનોનું ઉત્પાદન

(D) રબર અને પ્લાસ્ટિક પ્રોડક્ટ્સનું ઉત્પાદન

According to the Annual Survey of Industries Report for Gujarat (2021-22), which type of industry employed the highest number of workers and employees?

(A) Manufacture of chemicals and chemical products

(B) Textile manufacturing

(C) Manufacture of machinery and other equipment

(D) Manufacture of rubber and plastic products

132. ગુજરાત રાજ્યના વર્ષ 2021-22ના ઉદ્યોગોના વાર્ષિક સર્વેક્ષણ અહેવાલ મુજબ કયા પ્રકારના ઉદ્યોગમાં સૌથી વધુ ઈંધણ વપરાય છે?

(A) ખાદ્ય પદાર્થના ઉત્પાદન (B) કાપડ ઉત્પાદન

(C) કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન (D) બિન-ધાતુ ખનિજ ઉત્પાદન

According to the Annual Survey of Industries Report for Gujarat (2021-22), which type of industry consumed the most fuel?

(A) Manufacture of food products

(B) Textile manufacturing

(C) Manufacture of chemicals and chemical products

(D) Manufacture of non-metallic mineral products

133. 2011ની વસ્તી ગણતરી મુજબ, ગુજરાતમાં કુલ વસ્તીના કેટલા ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હતી?

(A) 42.60%
(B) 57.40%
(C) 68.86%
(D) 31.14%

According to the 2011 Census, what percentage of Gujarat's total population lived in rural areas?

(A) 42.60%
(B) 57.40%
(C) 68.86%
(D) 31.14%

134. આયોજનપંચના મુખ્ય કાર્યો અન્વયે નીચેના વિધાનોમાંથી ક્યા વિધાન યોગ્ય છે?

i. રાષ્ટ્રના સાધનો, મૂડી, માનવ સંપત્તિનો અંદાજ મેળવવો.
ii. આયોજનના અમલીકરણના તબક્કા નક્કી કરવા અને તેમની અગ્રતા નક્કી કરવી.
iii. રાષ્ટ્રીય આવકના અંદાજપત્રો તૈયાર કરી પ્રકાશિત કરવા.
iv. યોજનાની પ્રગતિની સમીક્ષા કરવી.

(A) ii, iii અને iv
(B) i, iii અને iv
(C) i, ii અને iv
(D) i, ii, iii અને iv

Which of the following statements about the functions of the Planning Commission is correct?

i. Estimating the nation's resources, capital, and human resources
ii. Determining the stages of plan implementation and their priorities
iii. Preparing and publishing national income estimates
iv. Reviewing the progress of plans

(A) ii, iii and iv
(B) i, iii and iv
(C) i, ii, and iv
(D) i, ii, iii and iv

135. ભારતમાં નીતિ આયોગની મુખ્ય ભૂમિકા શું છે?

(A) સરકારી યોજનાઓનો સીધો અમલ કરવો
(B) નીતિ વિષયક વિચારક તરીકે કાર્ય કરવું અને સરકારને વ્યૂહાત્મક અને તકનીકી સલાહ પૂરી પાડવી
(C) નાણાકીય સંસ્થાઓનું નિયમન કરવું
(D) ન્યાયતંત્રની દેખરેખ રાખવી

What is the primary role of NITI Aayog in India?

(A) Direct implementation of government schemes
(B) Acting as a policy think tank and providing strategic and technical advice to the government
(C) Regulating financial institutions
(D) Overseeing the judiciary

136. જિલ્લા આયોજન સમિતિની રચનાની જોગવાઈ બંધારણનાં કેટલામાં સુધારાથી દાખલ કરવામાં આવી?

(A) 70
(B) 72
(C) 74
(D) 76

The provision for the formation of the District Planning Committee was introduced through which constitutional amendment?

(A) 70
(B) 72
(C) 74
(D) 76

137. પીરીયોડીક લેબર ફોર્સ સર્વે (PLFS)ના વાર્ષિક અહેવાલ મુજબ વર્ષ 2023-24માં ગુજરાતમાં તમામ વય જૂથ માટે લેબર ફોર્સની ભાગીદારીનો દર (LFPR) કેટલો હતો?

(A) 45.10% (B) 49.60%
(C) 43.70% (D) 50.20%

According to the Periodic Labour Force Survey (PLFS) Annual Report for 2023-24, what was the Labour Force Participation Rate (LFPR) for all age groups in Gujarat?

(A) 45.10% (B) 49.60%
(C) 43.70% (D) 50.20%

138. નીતિ આયોગના National Multidimensional Poverty Index Report 2023 મુજબ ગુજરાતમાં વર્ષ 2021માં કુલ વસ્તીના કેટલા ટકા લોકો ગરીબી રેખાની નીચે હતા?

(A) 11.66% (B) 14.96%
(C) 18.47% (D) 24.85%

According to the NITI Aayog's National Multidimensional Poverty Index Report 2023, what percentage of Gujarat's population was below the poverty line in 2021?

(A) 11.66% (B) 14.96%
(C) 18.47% (D) 24.85%

139. છઠ્ઠી આર્થિક ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં કુલ કામદારોના કેટલા ટકા સ્ત્રી કામદારો હતા?

(A) 64.4% (B) 46.3%
(C) 53.2% (D) 24.9%

According to the Sixth Economic Census, what percentage of Gujarat's total workers were female?

(A) 64.4% (B) 46.3%
(C) 53.2% (D) 24.9%

140. 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં સૌથી ઓછો વસ્તી વૃદ્ધિ દર હતો?

(A) ડાંગ (B) નવસારી
(C) ભરૂચ (D) દાહોદ

According to the 2011 Census, which district in Gujarat had the lowest population growth rate?

(A) Dang (B) Navsari
(C) Bharuch (D) Dahod

141. 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં પ્રતિ ચો.કીમી. વસ્તી ગીચતા કેટલી હતી?

(A) 308 (B) 258
(C) 247 (D) 196

According to the 2011 Census, what was the population density of Gujarat per square kilometre?

(A) 308 (B) 258
(C) 247 (D) 196

142. રાષ્ટ્રીય જનગણના કમિશનના જનગણના અનુમાન અંગેના વર્ષ 2020ના અહેવાલ મુજબ ગુજરાત રાજ્યની જનસંખ્યા 2036ના સમયગાળામાં કેટલી થશે તેમ અનુમાન છે?

(A) 6.04 કરોડ (B) 7.66 કરોડ
(C) 8.13 કરોડ (D) 8.73 કરોડ

According to the National Commission on Population's report of year 2020, what is the projected population of Gujarat in 2036?

(A) 6.04 crore (B) 7.66 crore
(C) 8.13 crore (D) 8.73 crore

143. રાષ્ટ્રીય આવકના અંદાજો ભારત સરકારના કયા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે?

(A) RBI (B) નીતિ આયોગ
(C) નાણા વિભાગ (D) આયોજન વિભાગ

Which department of the Government of India prepares the national income estimates?

(A) RBI (B) NITI Aayog
(C) Finance Department (D) Planning Department

144. ગુજરાત રાજ્ય સ્થાપિત સૌર ક્ષમતા અને એકંદર પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં કયું સ્થાન ધરાવે છે?

(A) પ્રથમ (B) બીજું
(C) ત્રીજું (D) ચોથું

What is Gujarat's rank in terms of installed solar capacity and overall renewable energy capacity?

(A) First (B) Second
(C) Third (D) Fourth

145. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) દર કેટલા સમયે બહાર પાડવામાં આવે છે?

(A) દર માસે (B) ત્રિમાસિક
(C) અર્ધવાર્ષિક (D) વાર્ષિક

How frequently is the Consumer Price Index (CPI) published?

(A) Monthly (B) Quarterly
(C) Half-yearly (D) Annually

146. નીચેનામાંથી કયો ગ્રાહક ભાવ સૂચકાંક MosPI, નવી દિલ્હી દ્વારા તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવે છે?

(A) ઔદ્યોગિક કામદારો માટેનો ગ્રાહક ભાવ સૂચકાંક
(B) ખેત શ્રમિકો માટેનો ગ્રાહક ભાવ સૂચકાંક
(C) ગ્રામીણ શ્રમિકો માટેનો ભાવ સૂચકાંક
(D) ગ્રામ્ય, શહેરી તથા સંયુક્ત ગ્રાહક ભાવ સૂચકાંક

Which Consumer Price Index (CPI) is prepared and published by MoSPI, New Delhi?

(A) CPI for industrial workers
(B) CPI for agricultural labourers
(C) CPI for rural labourers
(D) CPI for rural, urban, and combined areas

147. 2011ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં કુલ વસ્તીની સામે બાળ વસ્તીની ટકાવારી સૌથી વધુ છે?

(A) ડાંગ (B) દાહોદ
(C) બનાસકાંઠા (D) કચ્છ

According to the 2011 Census, which district in Gujarat had the highest percentage of child population compared to the total population?

(A) Dang (B) Dahod
(C) Banaskantha (D) Kutch

148. વર્ષ 2021–22નો ગુજરાત રાજ્યનો ચોખ્ખા ઘરગથ્થું ઉત્પાદનનો સૂચક આંક (NSDP) કેટલો હતો?

(A) 194.1 (B) 208.4
(C) 203.6 (D) 225.0

What was Gujarat's Net State Domestic Product (NSDP) index for 2021-22?

(A) 194.1 (B) 208.4
(C) 203.6 (D) 225.0

149. વર્ષ 2022માં ગુજરાત રાજ્યમાં ચાલુ કારખાના અને તેમાં રોકાયેલા દૈનિક કામદારોની સંખ્યા મુજબ કારખાના દીઠ સરેરાશ કામદારોની સંખ્યા કેટલી હતી?

(A) 52 (B) 54
(C) 55 (D) 56

In 2022, based on the number of operational factories and daily workers employed, what was the average number of workers per factory in Gujarat?

(A) 52 (B) 54
(C) 55 (D) 56

150. આંકડા સંગ્રહ અધિનિયમ, 2008 હેઠળ નીચેનામાંથી કયું આવરી લેવામાં આવતું નથી?

(A) ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા (B) કૃષિ આંકડા
(C) રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત આંકડા (D) વસ્તી વિષયક આંકડા

Which of the following is not covered under the Collection of Statistics Act, 2008?

(A) Data on industrial production (B) Agricultural statistics
(C) National security-related statistics (D) Population-related statistics

151. $i =$ ________

(A) $-1$ (B) $-\sqrt{-1}$
(C) $\sqrt{-1}$ (D) 1

152. કોઈ એક વ્યક્તિને 48 રૂપિયામાંથી ત્રીજા ભાગનો ખર્ચ થાય છે તો તેની પાસે કેટલા પૈસા વધશે?

(A) 16 (B) 24
(C) 32 (D) 3.48

If a person spends a one-third from Rs. 48, then how much money will he have?

(A) 16 (B) 24
(C) 32 (D) 3.48

153. 79507નું ઘનમૂળ ________ થાય.

(A) 43 (B) 53

(C) 33 (D) 39

What is the cube root of 79507?

(A) 43 (B) 53

(C) 33 (D) 39

154. દશાંશ સંખ્યા 45 નું બાઈનરી રૂપ શું છે?

(A) 101101 (B) 110101

(C) 111001 (D) 101011

What is the binary form of the decimal number 45?

(A) 101101 (B) 110101

(C) 111001 (D) 101011

155. બાઈનરી સંખ્યા 1101માં બીજી બાઈનરી સંખ્યા 1011 ઉમેરવાથી શું જવાબ મળે?

(A) 11000 (B) 10100

(C) 10010 (D) 11110

What is the answer of adding another binary number 1011 to the binary number 1101?

(A) 11000 (B) 10100

(C) 10010 (D) 11110

156. નીચેનામાંથી ખરો વિકલ્પ પસંદ કરો.

(A) $\text{Log}_b pq = \text{Log}_b p + \text{Log } b \text{ } p$ (B) $\text{Log}_b pq = \text{Log}_b p + \text{Log}_b q$

(C) $\text{Log}_b pq = \text{Log}_b q + \text{Log } b \text{ } q$ (D) $\text{Log}_b pq = \text{Log}_b p - \text{Log}_b p$

Find the correct option from the following.

(A) $\text{Log}_b pq = \text{Log}_b p + \text{Log } b \text{ } p$ (B) $\text{Log}_b pq = \text{Log}_b p + \text{Log}_b q$

(C) $\text{Log}_b pq = \text{Log}_b q + \text{Log } b \text{ } q$ (D) $\text{Log}_b pq = \text{Log}_b p - \text{Log}_b p$

157. $\text{Log}_3 (x^4 + x^3) - \text{Log}_3 (x + 1) = 3$, then x = ________

(A) 3 (B) 1/3

(C) Log 3 (D) 3 log x

158. 4 અને x નો ગુણોત્તર મધ્યક 8 હોય તો x ની કિંમત કેટલી થાય?

(A) 26 (B) 24

(C) 16 (D) 22

If the geometric mean of 4 and x is 8, then what is the value of x?

(A) 26 (B) 24

(C) 16 (D) 22

159. જો X/3 = 16/Y = 4 તો 2(X + Y) ની કિંમત કેટલી?

(A) 48 (B) 32

(C) 26 (D) 16

If X/3 = 16/Y = 4 then what is the value of 2(X + Y)?

(A) 48 (B) 32

(C) 26 (D) 16

160. 1000 વ્યક્તિના સમૂહમાં 450 વ્યક્તિ ચા પીવે છે, પરંતુ કોફી પીતા નથી. 400 વ્યક્તિ કોફી પીવે છે, પરંતુ ચા પીતા નથી, 100 વ્યક્તિ ચા કે કોફી કાંઈ પીતા નથી. તો ચા અને કોફી બન્ને પીનારાની સંખ્યા કેટલી?

(A) 150 (B) 100

(C) 250 (D) 50

In a group of 1000 people, 450 people drink tea but do not drink coffee. 400 people drink coffee but do not drink tea, and 100 people drink neither tea nor coffee. So, how many people drink both tea and coffee?

(A) 150 (B) 100

(C) 250 (D) 50

161. એક સંખ્યાના 8 ગણામાંથી 10 બાદ કરતા મળતું પરિણામ તે સંખ્યાના 5 ગણા કરતા 8 વધારે છે, તો સંખ્યા શોધો.

(A) 5 (B) 6

(C) 7 (D) 3

If the result of subtracting 10 from 8 times a number is 8 more than 5 times that number, find the number.

(A) 5 (B) 6

(C) 7 (D) 3

162. એક વસ્તુની માંગનું વિધેય d = 50 – 3p છે, જ્યાં d = માંગ અને p = કિંમત, જ્યારે વસ્તુનો ભાવ 10 રૂ. હોય ત્યારે માંગ _________ થાય.

(A) 25 (B) 30

(C) 20 (D) 50

A demand function of any commodity is d = 50 – 3p , where d = demand and p = price, when the price of commodity is Rs. 10 then its demand should be ____.

(A) 25 (B) 30

(C) 20 (D) 50

163. $C(x) = \frac{x^2}{5} + 3x + 100$ ખર્ચના વિધેયનો 25 એકમો માટેનો કુલ ખર્ચ _______ થશે?

(A) 200 (B) 250

(C) 275 (D) 300

$C(x) = \frac{x^2}{5} + 3x + 100$is the cost function, what is the total cost for producing 25 units?

(A) 200 (B) 250

(C) 275 (D) 300

164. સમીકરણ _______ નો આલેખ y અક્ષને સમાંતર હોય છે.

(A) $x - 3 = 0$ (B) $x - y = 1$
(C) $x + y = 1$ (D) $y = 1$

The graph of equation ___ is parallel to the y-axis.

(A) $x - 3 = 0$ (B) $x - y = 1$
(C) $x + y = 1$ (D) $y = 1$

165. 1, 4, 7, 10, ........નું 100મું પદ કેટલું થાય?

(A) 303 (B) 301
(C) 298 (D) 300

1, 4, 7, 10,........ then, find the 100th term of the series from the following.

(A) 303 (B) 301
(C) 298 (D) 300

166. ગુણોત્તર શ્રેણીમાં પ્રથમ પદ અને ત્રીજું પદ અનુક્રમે 5 અને 45 છે, તો સામાન્ય ગુણોત્તર કેટલો થાય?

(A) 3 (B) – 3
(C) 9 (D) ± 3

The first and third term of geometric progression are 5 and 45 respectively, then what is the common ration?

(A) 3 (B) – 3
(C) 9 (D) ± 3

167. $\lim_{x \to \infty} \left[\frac{1}{x}\right] =$ __________

(A) 0 (B) 1
(C) $\infty$ (D) 1/x

168. $\lim_{x \to b} \left[\frac{x^3 + b^3}{x^2 + b^2}\right] =$ ________

(A) 2 (B) 2b
(C) b (D) 1

169. જો f(x) = x + 2 તો $f'(f(x))$ નું x = 4 આગળ મૂલ્ય _______ .

(A) 8 (B) 1
(C) 4 (D) 5

If f(x) = x + 2 then the value of $f'(f(x))$ at x = 4 should be _____.

(A) 8 (B) 1
(C) 4 (D) 5

170. y = log(1/x) હોય તો dy/dx = _________

(A) x (B) 1/x
(C) – 1/x (D) $-1/x^2$

y = log(1/x) then,dy/dx = _____

(A) x (B) 1/x
(C) – 1/x (D) $-1/x^2$

**171.** $\begin{vmatrix} 2 & -3 \\ 7 & 11 \end{vmatrix}$ = ________.

(A) – 83 (B) – 43

(C) 43 (D) 47

**172.** $\begin{vmatrix} 2 & 3 & 4 \\ 4x & 6x & 8x \\ 5 & 7 & 8 \end{vmatrix}$ = ________.

(A) 18x (B) 0

(C) 1 (D) $18x^3$

**173.** જો A એ 3 × 3 વિસંમિત શ્રેણિકના વિકીર્ણ ઘટકો ________ હોય.

(A) 1 (B) 0

(C) – 1 (D) 3

If matrix A is of 3 × 3 skew symmetric matrix then, its diagonal elements should be ________.

(A) 1 (B) 0

(C) – 1 (D) 3

**174.** શ્રેણિક A નો ક્રમ 3 × 2 અને શ્રેણિક B નો ક્રમ 2 × 4 હોય તો શ્રેણિક AB નો ક્રમ શું થાય?

(A) 3 × 2 (B) 2 × 2

(C) 2 × 4 (D) 3 x 4

Matrix A with the order 3 x 2 and matrix B with the order 2 x 4 then what is the order of matrix AB?

(A) 3 x 2 (B) 2 x 2

(C) 2 x 4 (D) 3 x 4

**175.** અંતર્વેશનનો ઉપયોગ ક્યારે થાય છે?

(A) જ્યારે આપેલ ડેટા વચ્ચેનું મૂલ્ય શોધવા હોય

(B) જ્યારે ડેટા બહારના મૂલ્ય શોધવા હોય

(C) જ્યારે ડેટા સરખાવવો હોય

(D) જ્યારે ડેટા ગોઠવવો હોય

When is interpolation used?

(A) When finding the value between given data

(B) When finding the value outside the data

(C) When comparing data

(D) When arranging data

**176.** જ્યારે ડેટા પોઈન્ટ્સ સમાન અંતરે હોય, ત્યારે કઈ પદ્ધતિ વધુ સરળ છે?

(A) ન્યુટનનું અંતર્વેશન સૂત્ર (B) લાન્ગ્રાજ પદ્ધતિ

(C) ગાઉસ પદ્ધતિ (D) ઉપરમાંથી કોઈ પણ નહિ

When there are equal distance in the data points, then which method is simpler from the following?

(A) Newton's Interpolation formula (B) Langrangian Method

(C) Gauss Method (D) None of the above

177. 7 પુરુષો અને 5 સ્ત્રીઓમાંથી, 3 પુરુષો અને 2 સ્ત્રીઓને સમાવતી સમિતિ કેટલા પ્રકારે બનાવી શકાય ?

(A) 420 (B) 350
(C) 450 (D) 230

How many ways a committee of 3 males and 2 females can be formed from the 7 males and 5 females?

(A) 420 (B) 350
(C) 450 (D) 230

178. MECOTA શબ્દોનાં બધા જ મૂળાક્ષરોને શક્ય હોય તેટલા ભિન્ન પ્રકારે ગોઠવવામાં આવે છે. બે સ્વરો પાસ-પાસે ન હોય તેવી ગોઠવણીના પ્રકારોની સંખ્યા ________ હોય.

(A) 360 (B) 144
(C) 72 (D) 54

All the letters of the word MECOTA are arranged in as many different ways as possible. Find the no. of ways in which no vowels should be arranged together?

(A) 360 (B) 144
(C) 72 (D) 54

179. દ્વિપદી વિસ્તરણમાં $(x + a)^n$ માં કુલ કેટલા પદોની સંખ્યા હોય છે?

(A) n (B) n + 1
(C) x + a (D) na

How many terms are there in the binomial expansion of $(x + a)^n$ ?

(A) n (B) n + 1
(C) x + a (D) na

180. દ્વિપદી વિસ્તરણમાં $\left(2x - \frac{2}{x}\right)^6$ નું વિસ્તરણ શું થાય?

(A) $36x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 36x^{-6}$
(B) $128x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 128x^{-6}$
(C) $64x^6 + 384x^4 + 960x^2 + 1280 + 960x^{-2} + 384x^{-4} + 64x^{-6}$
(D) $64x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 64x^{-6}$

Expand the Binomial expansion of $\left(2x - \frac{2}{x}\right)^6$

(A) $36x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 36x^{-6}$
(B) $128x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 128x^{-6}$
(C) $64x^6 + 384x^4 + 960x^2 + 1280 + 960x^{-2} + 384x^{-4} + 64x^{-6}$
(D) $64x^6 - 384x^4 + 960x^2 - 1280 + 960x^{-2} - 384x^{-4} + 64x^{-6}$

181. નીચેનામાંથી કયું વિધાન ખરું છે?

(A) આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ સમાન છે.
(B) આર્થિક વૃદ્ધિ દરમિયાન અર્થકરણમાં પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો આવે છે.
(C) અલ્પવિકાસ આર્થિક વિકાસના નિર્દેશકો પૈકી એક છે.
(D) ડેવિડ મોરિસે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક રજૂ કર્યો હતો.

Which of the following statements is correct?

(A) Economic development and economic growth are the same.
(B) Economic growth involves both quantitative and qualitative changes in the economy.
(C) Underdevelopment is one of the indicators of economic development.
(D) David Morris introduced the Physical Quality of Life Index.

182. નીચેનામાથી કયું વિધાન ખરું નથી?

(A) આર્થિક વિકાસની પ્રક્રિયા ધીમી હોય છે.
(B) આર્થિક વૃદ્ધિ વિકસિત દેશો સાથે સંકળાયેલ ખ્યાલ છે.
(C) આર્થિક વિકાસએ બહુપરિમાણીય પ્રક્રિયા નથી.
(D) આર્થિક વિકાસ વિકાસશીલ દેશો સાથે સંકળાયેલ ખ્યાલ છે.

Which of the following statements is incorrect?

(A) The process of economic development is slow.
(B) Economic growth is a concept associated with developed countries.
(C) Economic development is not a multidimensional process.
(D) Economic development is a concept associated with developing countries.

183. નીચેનામાથી કયો વિકલ્પ માનવ વિકાસ આંકનો એક ઘટક નથી.

(A) આર્થિક વિકાસ (B) અપેક્ષિત આયુષ્ય
(C) સાક્ષરતાનું પ્રમાણ (D) સારું જીવનધોરણ

Which of the following is not a component of the Human Development Index (HDI)?

(A) Economic development (B) Life expectancy
(C) Literacy rate (D) Standard of living

184. વપરાશી ખર્ચમાં નીચેનામાંથી શાનો સમાવેશ થાય છે?

i. કુટુંબનું ખર્ચ ii. સરકારનું ખર્ચ
iii. કંપનીઓનું ખર્ચ iv. ખેતીનું ખર્ચ

(A) માત્ર (ii) (B) (i) અને (ii) બંને
(C) (i), (ii), (iii) (D) (i), (ii), (iii) અને (iv)

What is included in consumption expenditure?

i. Household expenditure ii. Government expenditure
iii. Company expenditure iv. Agricultural expenditure

(A) only ii (B) i and ii both
(C) i, ii, and iii (D) i, ii, iii and iv

185. નીચેનામાંથી કયો વિકલ્પ ટકાઉ વિકાસનો એક નિર્દેશક નથી.

(A) રોજગારીનું સ્તર (B) આજુબાજુનું પર્યાવરણ

(C) માનવીની ઈચ્છા (D) વિજ્ઞાન ટેક્નોલોજીનું સ્તર

Which of the following is not an indicator of sustainable development?

(A) Employment level (B) Surrounding environment

(C) Human desires (D) Level of science and technology

186. કયા સામાજિક પરિબળો પર્યાવરણનાં ધોવાણ માટે જવાબદાર છે?

(A) ગરીબી અને શહેરીકરણ

(B) વસ્તી અને ગરીબી

(C) વસ્તી, ગરીબી અને બજારની નિષ્ફળતા

(D) વસ્તી, ગરીબી અને શહેરીકરણ

Which social factors are responsible for environmental degradation?

(A) Poverty and urbanization

(B) Population and poverty

(C) Population, poverty, and market failure

(D) Population, poverty, and urbanization

187. જ્યારે આવકની ગણતરી ભૌતિક અને અભૌતિક સ્વરૂપમાં કરવામાં આવતી હોય ત્યારે તેને શું કહેવાય ?

(A) વાસ્તવિક આવક (B) નાણાકીય આવક

(C) રાષ્ટ્રીય આવક (D) માથાદીઠ આવક

When income is calculated in both physical and non-physical forms, what is it called?

(A) Real income (B) Monetary income

(C) National income (D) Per capita income

188. 'અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે' કયા અર્થશાસ્ત્રીએ અર્થશાસ્ત્રની આ વ્યાખ્યા આપી છે?

(A) પ્રો. રોબિન્સ (B) પ્રો. એડમસ્મિથ

(C) પ્રો. માર્શલ (D) પ્રો. પીગુ

Who defined economics as a "welfare-oriented science"?

(A) Prof. Robbins (B) Prof. Adam Smith

(C) Prof. Marshall (D) Prof. Pigou

189. માંગ અને કિમત વચ્ચે કેવો સબંધ છે?

(A) સ્થિર (B) સીધો

(C) વ્યસ્ત (D) અચોક્કસ

What is the relationship between demand and price?

(A) Constant (B) Direct

(C) Inverse (D) Uncertain

190. ગિફન વસ્તુ એટલે શું?

(A) ગુણવત્તાયુક્ત વસ્તુ
(B) મોજશોખની વસ્તુ
(C) માંગના નિયમને અનુસરતી વસ્તુ
(D) માંગના નિયમનું ઉલ્લંઘન કરતી વસ્તુ

What is a Giffen good?

(A) A high-quality good
(B) A luxury good
(C) A good that follows the law of demand
(D) A good that violates the law of demand

191. પ્રાથમિક ખાધ એટલે શું?

(A) કુલ ખર્ચ – કુલ આવક
(B) રાજકોષીય ખાધ – દેવું
(C) કુલ ખર્ચ – દેવા સિવાયની મૂડી પ્રાપ્તિ
(D) મૂડી ખર્ચ – મૂડી આવક

What is the primary deficit?

(A) Total expenditure – Total income
(B) Fiscal deficit – Debt
(C) Total expenditure – Non-debt capital receipts
(D) Capital expenditure – Capital income

192. _________ ની ભલામણોને આધારે ભારત સરકારે ખાનગી બેન્કોને કામ કરવાની છૂટ આપી હતી.

(A) કોઠારી સમિતિ
(B) રાજ સમિતિ
(C) ભૂતલિંગમ સમિતિ
(D) નરસિંહમ સમિતિ

On whose recommendations did the Indian government allow private banks to operate?

(A) Kothari Commission
(B) Raj Commission
(C) Bhutlingam Commission
(D) Narsinham commission

193. GST (માલ અને સેવા કર) સૌ પ્રથમ ક્યા દેશ દ્વારા લાગૂ કરવામાં આવ્યો હતો?

(A) યુએસએ
(B) કેનેડા
(C) ફ્રાંસ
(D) રશિયા

Which country was the first to implement GST (Goods and Services Tax)?

(A) USA
(B) Canada
(C) France
(D) Russia

194. ઈજારાની સ્થિતિમાં સીમંત આવક (MR) અને સરેરાશ આવક (AR) વચ્ચે શું સંબંધ હોય છે?

(A) MR > AR
(B) MR = AR
(C) MR < AR
(D) MR અને AR વચ્ચે કોઈ સંબંધ હોતો નથી.

What is the relationship between marginal revenue (MR) and average revenue (AR) in a monopoly?

(A) MR > AR
(B) MR = AR
(C) MR < AR
(D) No relation between MR and AR.

195. નીચેનામાંથી કયા પ્રકારનો ઈજારો કાયદેસર ગણવામાં આવે છે?
(A) કુદરતી ઈજારો (B) કૃત્રિમ ઈજારો
(C) સરકારી ઈજારો (D) ખાનગી ઈજારો
Which of the following types of monopoly is considered legal?
(A) Natural monopoly (B) Artificial monopoly
(C) Government monopoly (D) Private monopoly

196. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ગરીબી મૂળભૂત રીતે _______ નો સંદર્ભ આપે છે.
(A) શિક્ષણનો અભાવ
(B) ક્રેડિટની સુવિધાનો અભાવ
(C) હોસ્પિટલ અને સ્વચ્છતા સુવિધાનો અભાવ
(D) પસંદગીઓ અને તકોનો અભાવ
According to the United Nations, poverty primarily refers to the lack of ______.
(A) Access to education (B) Access to credit facilities
(C) Access to healthcare and sanitation (D) Choices and opportunities

197. ટેક્નોલોજીમાં ફેરફારને કારણે ઊભી થતી બેરોજગારીને શું કહેવાય છે?
(A) ઘર્ષણયુક્ત બેરોજગારી (B) અર્ધ બેરોજગારી
(C) ચક્રિય બેરોજગારી (D) ઉપરોક્ત એક પણ નહીં
What is the unemployment caused by technological changes called?
(A) Frictional unemployment (B) Underemployment
(C) Cyclical unemployment (D) None of the above

198. નીચેનામાથી બેરોજગારી માટે જવાબદાર કારણો કયા છે?
(A) વસ્તી વૃદ્ધિનો ઉચ્ચ દર (B) બચત અને રોકાણનો ઓછો દર
(C) માળખાકીય સુવિધાનો અભાવ (D) ઉપરોક્ત તમામ
Which of the following are responsible causes of unemployment?
(A) High population growth rate (B) Low savings and investment rate
(C) Lack of infrastructure (D) All of the above

199. અલ્પહસ્તક ઈજારાના કિસ્સામાં પેઢીની માંગ રેખા કેવી હોય?
(A) ઋણ ઢાળવાળી (B) ધન ઢાળવાળી
(C) અનિર્ણિત (D) ઉપરમાંથી એક પણ નહિ
What is the demand curve of the firm in the case of a monopoly?
(A) Downward sloping (B) Upward sloping
(C) Indeterminate (D) None of the above

200. ટૂંકા ગાળામાં કયા ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ નથી?
(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ
(C) સરેરાશ ખર્ચ (D) સીમંત ખર્ચ
In the short run, which cost is not directly related to the level of production?
(A) Fixed cost (B) Variable cost
(C) Average cost (D) Marginal cost

201. માંગની મૂલ્ય સાપેક્ષતા નીચેનામાંથી ક્યા સૂત્ર દ્વારા દર્શાવી શકાય?

(A) $E = \frac{AR}{AR - MR}$ (B) $E = \frac{MR}{AR - MR}$

(C) $E = \frac{AR + MR}{AR - MR}$ (D) $E = \frac{AR}{AR + MR}$

What is the formula of elasticity of demand from the following?

(A) $E = \frac{AR}{AR - MR}$ (B) $E = \frac{MR}{AR - MR}$

(C) $E = \frac{AR + MR}{AR - MR}$ (D) $E = \frac{AR}{AR + MR}$

202. ઉત્પાદનનાં ક્યા સાધનને મૂળભૂત સાધન ગણવામાં આવે છે?

(A) જમીન (B) મૂડી

(C) શ્રમ (D) નિયોજક

Which factor of production is considered a fundamental resource?

(A) Land (B) Capital

(C) Labor (D) Entrepreneur

203. ઉત્પાદનનાં ક્યા તબક્કામાં કુલ ઉત્પાદન, સરેરાશ ઉત્પાદન અને સીમાંત ઉત્પાદન ત્રણેય વધે છે?

(A) પ્રથમ (B) બીજા

(C) ત્રીજા (D) દરેક

In which stage of production do total product, average product, and marginal product all increase?

(A) First (B) Second

(C) Third (D) All

204. નીચેનામાંથી ક્યું વિધાન ખોટું છે ?

(A) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્રની આવકનો અભ્યાસ કરે છે ?

(B) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સામાન્ય ભાવસપાટીનો અભ્યાસ કરે છે.

(C) રાજકોષીય નીતિ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સાધન છે.

(D) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિની આવકનો અભ્યાસ કરે છે.

Which of the following statements is incorrect?

(A) Macroeconomics studies national income.

(B) Macroeconomics studies the general price level.

(C) Fiscal policy is a tool of macroeconomics.

(D) Macroeconomics studies individual income.

205. પૂર્ણ હરીફાઈમાં પેઢી માટે ટૂંકા ગાળાનું સમતોલન કઈ શરત પર આધાર રાખે છે?

(A) P = MC (B) MR = MC

(C) P = AC (D) P = AVC

On what condition does short-run equilibrium for a firm in perfect competition depend?

(A) P = MC (B) MR = MC

(C) P = AC (D) P = AVC

206. કઈ પરિસ્થિતિમાં 'મફત વસ્તુ' 'આર્થિક વસ્તુ' બની જાય છે?

(A) જ્યારે તેની ઉપલબ્ધતા મર્યાદિત હોય
(B) જ્યારે તેની માંગ ઘટે
(C) જ્યારે તેની કિંમત શૂન્ય રહે
(D) જ્યારે તે અયોગ્ય બને

Under which condition does a "free good" become an "economic good"?

(A) When its availability is limited
(B) When its demand decreases
(C) When its price remains zero
(D) When it becomes unusable

207. આર્થિક વૃદ્ધિ અને પાયાની જરૂરિયાતોની પૂર્તિએ બંને વચ્ચે મજબૂત સહસબંધ છે એમ કોણે કહ્યું છે?

(A) ગોલ્ડસ્ટેઈન
(B) મિલ્ટન ફ્રીડમેન
(C) અમર્ત્ય સેન
(D) મહેબૂબ – અલ – હક

Who stated that there is a strong relationship between economic growth and the fulfillment of basic needs?

(A) Goldstein
(B) Milton Friedman
(C) Amartya Sen
(D) Mahbub ul Haq

208. ગરીબ દેશો પહેલી વાર તેમના આર્થિક હિતો જાળવવા માટે WTOમાં કઈ મંત્રી પરિષદમાં સંગઠિત થયા હતા?

(A) કેન્કુન
(B) હોંગ કોંગ
(C) દોહા
(D) બાલી

In which WTO Ministerial Conference did poor countries first organize to protect their economic interests?

(A) Cancun
(B) Hong Kong
(C) Doha
(D) Bali

209. ભારતીય રીઝર્વ બેંકના જણાવ્યા અનુસાર ભારતના કામદારોએ ભારતની બહાર કમાણી કરીને ભારતમાં જે રકમ મોકલે છે, તેમાં વર્ષ 2017માં કયા રાજ્યનાં લોકો સૌથી વધારે છે?

(A) આંધ્ર પ્રદેશ
(B) કેરળ
(C) ગુજરાત
(D) કર્ણાટક

According to the Reserve Bank of India, in 2017, workers from which Indian state sent the highest remittances to India?

(A) Andra Pradesh
(B) Kerala
(C) Gujarat
(D) Karnataka

210. આર્થિક કલ્યાણ (Economic Welfare) માટેની પિગુવિયન (Pigovian) દ્રષ્ટિએ, કલ્યાણમાં વધારો કઈ પરિસ્થિતિમાં થાય છે?

(A) જ્યારે સામાજિક ખર્ચ (Social Cost) ખાનગી ખર્ચ (Private Cost) કરતાં ઓછો હોય
(B) જ્યારે સામાજિક લાભ (Social Benefit) ખાનગી લાભ (Private Benefit) કરતાં વધુ હોય
(C) જ્યારે બજાર સંપૂર્ણ હરીફાઈમાં કાર્ય કરે
(D) જ્યારે સરકારી હસ્તક્ષેપ ન હોય

According to the Pigovian perspective on economic welfare, welfare increases under which condition?

(A) When social cost is less than private cost
(B) When social benefit is greater than private benefit
(C) When the market operates under perfect competition
(D) When there is no government intervention

## અંધ ઉમેદવારો માટે / For Blind Candidates

018. પ્રથમ 40 પ્રાકૃતિક સંખ્યાઓની સરેરાશ શોધો.

(A) 20.5 (B) 20

(C) 21 (D) આપેલ પૈકી એકપણ નહિ

Find the average of the first 40 natural numbers.

(A) 20.5 (B) 20

(C) 21 (D) None of the given

019. કિસ્મતના 7 વિષયના ગુણની સરેરાશ 75 છે. ગણિત વિષયના ગુણ દૂર કરતાં બાકીના વિષયની સરેરાશ 77 થાય તો ગણિતના ગુણ કેટલા હશે?

(A) 66 (B) 89

(C) 65 (D) 63

Kismat's average marks in 7 subjects is 75. When the Mathematics marks are excluded, the average of the remaining 6 subjects becomes 77. What were the marks in Mathematics?

(A) 66 (B) 89

(C) 65 (D) 63

020. સાત ક્રમિક સંખ્યાઓની સરેરાશ 18 હોય તો સૌથી મોટી સંખ્યા શોધો.

(A) 21 (B) 20

(C) 22 (D) આપેલ પૈકી એકપણ નહિ

If the average of seven consecutive numbers is 18, find the largest number.

(A) 21 (B) 20

(C) 22 (D) None of the given

021. A, P, R, X, S and Z એક લાઇનમાં બેઠેલા છે. S અને Z મધ્યમાં છે. A અને P છેડે છે. R, A ની ડાબી બાજુ બેઠેલો છે. તો P ની જમણી બાજુ કોણ છે?

(A) A (B) X

(C) S (D) Z

A, P, R, X, S and Z are sitting in a row. S and Z are in the centre. A and P are at the ends. R is sitting to the left of A. Who is to the right of P ?

(A) A (B) X

(C) S (D) Z

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના
પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.